ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૭ ૧ ઑક્ટોમ્બર ૨૦૧૯ પાના-૧૬ વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ

મુંબઈ, ચૈત્ર સુદ ૧, ૧૯૪૯

**'સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ;**
**વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.'**

શ્રી તીર્થંકર એમ કહે છે કે આ જગતમાં આ જીવ નામના પદાર્થને ગમે તે પ્રકારે કહ્યો હોય તે પ્રકાર તેની સ્થિતિમાં હો, તેને વિષે અમારું ઉદાસીનપણું છે. જે પ્રકારે નિરાબાધપણે તે જીવ નામનો પદાર્થ અમે જાણ્યો છે, તે પ્રકારે કરી તે પ્રગટ અમે કહ્યો છે. જે લક્ષણે કહ્યો છે, તે સર્વ પ્રકારના બાધે કરી રહિત એવો કહ્યો છે. અમે તે આત્મા એવો જાણ્યો છે, જોયો છે, સ્પષ્ટ અનુભવ્યો છે, પ્રગટ તે જ આત્મા છીએ. તે આત્મા 'સમતા' નામને લક્ષણે યુક્ત છે. વર્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્યસ્થિતિ તે આત્માની છે તે, તે પહેલાંના એક, બે, ત્રણ, ચાર, દશ, સંખ્યાત, અસંખ્યાત, અનંત સમયે હતી, વર્તમાન છે, હવે પછીના કાળને વિષે પણ તે જ પ્રકારે તેની સ્થિતિ છે. કોઈ પણ કાળે તેનું અસંખ્યાત પ્રદેશાત્મકપણું, ચૈતન્યપણું, અરૂપીપણું, એ આદિ સમસ્ત સ્વભાવ તે છૂટવા ઘટતા નથી; એવું જે સમપણું, સમતા તે જેનામાં લક્ષણ છે તે જીવ છે.

પશુ, પક્ષી, મનુષ્યાદિ દેહને વિષે, વૃક્ષાદિને વિષે જે કંઈ રમણીયપણું જણાય છે, અથવા જેના વડે તે સર્વ પ્રગટ સ્ફૂર્તિવાળાં જણાય છે, પ્રગટ સુંદરપણા સમેત લાગે છે, તે રમતા, રમણીયપણું છે લક્ષણ જેનું તે જીવ નામનો પદાર્થ છે. જેના વિદ્યમાનપણા વિના આખું જગત શૂન્યવત્ સંભવે છે, એવું રમ્યપણું જેને વિષે છે, તે લક્ષણ જેને વિષે ઘટે તે જીવ છે.

કોઈ પણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે, અને કોઈ પણ પદાર્થનું ગ્રહણ, ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે. બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પ માત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય, તો જ થઈ શકે એવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ તે જીવ છે. તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે તો તે બનવા યોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' તે જેને વિષે છે, તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.

પ્રગટ એવા જડ પદાર્થો અને જીવ, તે જે કારણે કરી ભિન્ન પડે છે, તે લક્ષણ જીવનો જ્ઞાયકપણા નામનો ગુણ છે. કોઈ પણ સમયે જ્ઞાયકરહિતપણે આ જીવ પદાર્થ કોઈ પણ અનુભવી શકે નહીં, અને તે જીવ નામના પદાર્થ સિવાય બીજા કોઈ પણ પદાર્થને વિષે જ્ઞાયકપણું સંભવી શકે નહીં, એવું જે અત્યંત અનુભવનું કારણ જ્ઞાયકતા તે લક્ષણ જેમાં છે તે પદાર્થ, તીર્થંકરે જીવ કહ્યો છે.

શબ્દાદિ પાંચ વિષય સંબંધી અથવા સમાધિ આદિ જોગ સંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ એક જ એવો એ જીવ પદાર્થ સંભવે છે, તે સુખભાસ નામનું લક્ષણ, માટે તીર્થંકરે જીવનું કહ્યું છે; અને વ્યવહારદ્રષ્ટાંતે નિદ્રાથી તે પ્રગટ જણાય છે. જે નિદ્રાને વિષે બીજા સર્વ પદાર્થથી રહિતપણું છે, ત્યાં પણ હું સુખી છું એવું જે જ્ઞાન છે, તે બાકી વધ્યો એવો જે જીવ પદાર્થ તેનું છે; બીજું કોઈ ત્યાં વિદ્યમાન નથી, અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે; તે જેનેથી ભાસે છે તે જીવ નામના પદાર્થ સિવાય બીજે ક્યાંય તે લક્ષણ જોયું નથી.

આ મોળું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ ખારું છે, હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરું છું, તાપ પડે છે, દુઃખી છું, દુઃખ અનુભવું છું, એવું જે સ્પષ્ટ જ્ઞાન, વેદનજ્ઞાન, અનુભવજ્ઞાન, અનુભવપણું તે જો કોઈમાં પણ હોય તો તે

આ જીવ પદને વિષે છે, અથવા તે જેનું લક્ષણ હોય છે તે પદાર્થ જીવ હોય છે, એ જ તીર્થંકરાદિનો અનુભવ છે.

સ્પષ્ટ પ્રકાશપણું, અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી. જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું તે જીવપ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે.

એ જે લક્ષણો કહ્યાં તે ફરી ફરી વિચારી જીવ નિરાબાધપણે જાણ્યો જાય છે, જે જાણવાથી જીવ જાણ્યો છે તે લક્ષણો એ પ્રકારે તીર્થંકરાદિએ કહ્યાં છે.

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૪૩૮**

**(નોંધ : જીવ એટલે આત્મા સમજવું)**

## માલિકીભાવમાંથી મુક્તિ

આપણામાંથી મોટા ભાગના લોકો એવા ભ્રમમાં જીવતા હોય છે કે તેઓ પાસે જે કાંઈ છે તેના તેઓ માલિક છે અને તેમના સિવાય તેના પર કોઈનો હક્ક કે હિસ્સો નથી. દુ:ખની વાત એ છે કે આપણે જાણતા નથી કે આજે આપણી પાસે જે છે તે ભૂતકાળમાં કોઈ બીજાનું હતું (એવા જ કે બીજા સ્વરૂપે) અને ભવિષ્યમાં તે બીજાની માલિકીનું બની જવાનું છે. જીવતાં હોઈશું તો આપણે જ તે વેચી પણ દઈએ અને મૃત્યુ પામ્યા હોઈશું તો આપણા વંશવારસો વેચી દેશે. હકીકત એ છે કે જન્મ સમયે આપણે ખાલી હાથ આવ્યા હતા અને મૃત્યુ પામીશું ત્યારે ખાલી હાથ ચાલ્યા જઈશું.

''માલિકીની ભાવના તમારા વિકાસમાં અડચણરૂપ બને છે. એમાંથી મુક્તિ મેળવવી જોઈએ.'' આપણે જીવતા હોઈએ છીએ ત્યારે પણ આપણા આ જીવનની ચાલ જ એવી છે કે આપણી કોઈ પણ વસ્તુ ગમે ત્યારે આપણી પાસેથી છીનવાઈ જાય તે નક્કી નથી હોતું. કાં તો કુદરતી આફતો જેવી કે ધરતીકંપ, પૂર, વાવાઝોડું વગેરે અથવા માનવસર્જિત આફતો જેવી કે યુદ્ધો, લૂંટફાટ, આતંકવાદ, ખૂનામરકી, ચોરીચપાટી વગેરેથી આપણી વસ્તુઓ આપણી રહેતી નથી.

હકીકત એ છે કે આ દુનિયા કુદરતી સ્વભાવ પ્રમાણે અસ્થાયી, બદલતી રહેતી અને સદાય એક્સરખી ન રહેતી દુનિયા છે. એનો સ્વભાવ નદી જેવો છે જે સતત વહેતી રહેતી હોય છે. જીવનના કુદરતી ક્રમ પ્રમાણે અહીં કશું જ સ્થાયી હોતું નથી. આવી પરિસ્થિતિ વખતે કોઈ વસ્તુ પર માલિકીભાવ રાખી તેને ચારેબાજુથી ઘેરી લઈ બાંધી રાખવાનો અર્થ સ્વપ્નાવસ્થામાં જીવવા જેવું છે, કારણકે તમારી પાસેથી ખૂંચવાઈ જાય તેમ છે અને ત્યારે તમે સ્તબ્ધ, દુ:ખી અને હક્કાબક્કા બની જાઓ છો.

તમારી પાસેની વસ્તુઓ પ્રત્યેનું સાચું વલણ એ છે કે તમારે માનવું જોઈએ કે આ બધું પ્રભુનું છે. પ્રભુએ આ બધી વસ્તુઓ તમને અમુક નક્કી કરેલા સમય સુધી વાપરવા આપી છે જે માટે તમે એમના ઋણી છો અને પ્રભુ જ્યારે એ વસ્તુ કોઈ પણ રીતથી તમારી પાસેથી પાછી લઈ લે ત્યારે તમારે વિના હિચકિચાહટ તેને પાછી આપી દેવી જોઈએ. તેમાં સહેજ પણ ઢીલ કે દુ:ખ કરવા નહીં. આવી ભાવના રાખવાથી તમારી વસ્તુઓ તરફનું તમારું વળગણ ધીરેધીરે નબળું પડશે અને તમે સદાય હળવાશ અનુભવશો અને પ્રફુલ્લ રહી પ્રભુ પ્રત્યે તમારી આભારની લાગણી તીવ્ર બનશે.

**- 'પૉઝિટિવ મનનું સર્જન' માંથી, સૌ. ''જેસ્પા''**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| શ્રી સદ્‌ગુરુ પ્રસાદ | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| માલિકીભાવમાંથી મુક્તિ | સૌ. જેસ્પા | ૨ |
| તંત્રી સ્થાનેથી : | | |
| 'દિશા સ્વદોષ નિવારણની' | રમેશભાઈ દોશી | ૩ |
| લેખનું મહેનતાણુ | મિતેશભાઈ શાહ | ૪ |
| ડાયરી બોલે છે. | નિમીત્ત માત્ર, તંત્રી | ૫ |
| લક્ષ્ય સાથે પુરુષાર્થ | ડૉ. પ્રણવ પંડ્યા | ૬ |
| સત્કર્મ કરતા કોણ રોકે છે ? | પૂ. મોરારી બાપુ | ૭ |
| હું જ મારો ભાગ્યવિધાતા | શૈલેષ સગપરિયા | ૮ |
| નિમિત્ત - ઉપાદાન | ડૉ. હેમાલી સંઘવી | ૯ |
| ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ | મનીષ આચાર્ય | ૧૦ |
| ગાંધીનુ કલેવર | નગીનદાસ સંઘવી | ૧૧ |
| આપણે પ્રજાના સેવક છીએ | કમળાબેન પટેલ | ૧૧ |
| ભાગવત રહસ્ય | પૂ.ડોંગરે મહારાજ | ૧૨ |
| ૨ કિલો દહીં-૨૫ કિલો યુરિયા | - | ૧૨ |
| પ્રભુ જ બધું ગોઠવે છે. | સૌ. પરિત્રાણ | ૧૩ |
| કવિતા (બાપુ) | લલિત સેલારકા | ૧૫ |
| નોકરી (વાર્તા) | ગિરીશ મેઘાણી | ૧૬ |

## તંત્રી સ્થાનેથી :

## 'દિશા સ્વદોષ નિવારણની'

''પર્યુષણ કે યહ આઠ દિન સ્વદોષ નિવારણમેં નિકલ જાયે. અપને સારે આવરણ હટ જાએ, હમ નિર્દોષ હો જાએ, યહીં પ્રાર્થના.'' ૨૭/૮/૧૯ ના બેંગલોરથી કિશોરભાઈ જૈનનો આ મેસેજ મળેલ. આમ તો આપણા સહુની આ પ્રાર્થના-ભાવના-ઈચ્છા જ છે. આ બાબતમાં જે ચિંતન થયું તેની આ પ્રસાદી છે. સ્વદોષ નિવારણમાં પ્રાર્થના પણ એક જરૂરી સાધન છે જ આપણે ભગવાનને નમ્ર નિવેદન પ્રાર્થના કરી દઈએ કે આપ તો અંતરયામી છો, અમારા દોષો તો તમે જાણો છો, તો સર્વે દોષ દૂર કરી અમને નિર્દોષ કરી દો. જો આવો ભાવ હોય તો એ જાત સાથે છેતરામણી છે.

અમારા અનુભવ-પ્રયોગો પછી જે સમજાયું તે આમ છે. સ્વદોષ નિવારણ પહેલા 'સ્વદોષ દર્શન' જરૂરી છે જે દોષો-કષાયો આપણે જાણીએ છીએ શાસ્ર સમ્મત છે કે આ દોષો તો કાઢવા જ જોઈએ, એવા દોષો તો આપણે જાતે જ કાઢવાનો સમ્યક્ પુરુષાર્થ કરવો રહ્યો. પુરુષાર્થ એટલે નિર્ણય, સંકલ્પ કે પ્રતિજ્ઞા. આ અમારા દોષો અમે સ્વયં પુરુષાર્થથી દૂર કરીશું જ. કૃપાળુદેવ એક પત્રમાં લખેલ છે, ''જીવનો અનિશ્ચય એ જ અંતરાય (અવરોધ) છે. લક્ષની દિશા અને નિર્ણય આ મુખ્ય સાધન છે.

પ્રથમ સ્વદોષ દર્શન, પછી નિર્ણય, પછી સમ્યક્ પોતાની શક્તિને ગોપવ્યા વિનાનો પુરુષાર્થ અને આ સાથે પ્રાર્થના હોય તો સારું અસ્તિત્વ આપણી મદદ માટે તૈયાર છે, પરમની કૃપા જરૂર મળે છે. કૃપા તો નિરંતર વરસી રહી છે, આપણે એ કૃપાને પાત્ર થવાની પાત્રતા પ્રગટ કરવી રહી. નિશ્ચયથી તો સહુની અંદર એ પાત્રતા છે જ, માત્ર આવરણ હઠાવી એ પ્રગટ કરવાની છે. 'સર્વ જીવ છે સિધ્ધ સમ, જે સમજે તે થાય' આ તો કૃપાળુ દેવે આત્મ સિધ્ધિમાં ડંકાની ટોચથી કહેલ છે જ.

હું સિધ્ધ સમાન છું, મારી પાસે પાત્રતા પ્રગટ કરવાની પુરી શક્તિ છે અને આ આવરણો હઠાવીને જ રહીશ. આવી સકારાત્મક દ્રષ્ટિથી સ્વદોષ દર્શન કરશું તો નિરાશ નહિં થવું પડે.

સ્વદોષ એટલે કષાયો એનું દર્શન થાય એટલે તુરંત જ એ નષ્ટ થઈ જાય એવું બનવું પ્રાયઃ સંભવ નથી. પણ સ્વદોષ દર્શન થાય એ બહુ મોટી ઉપલબ્ધિ-સિધ્ધિ છે. અંતરમુખ થવાની આ ચાવી છે. આથી ધીમે ધીમે પુરુષાર્થથી કાર્ય શરૂ થાય છે અને ખબર ન પડે એમ વેગથી કષાયો મંદ થતા જાય છે. નિર્ણય એ મુખ્ય બળ છે એ નિરંતર યાદ રહે. ચંડકોશિયો 'બુઝ બુઝ' થી સ્વામી રામદાસ સાવધાન. વાલિયો લુંટારો, સંત તુલસીદાસ નિમિત મળતા આ બધા ક્ષણમાં નિર્દોષ થઈ પરમપદ પામી ગયા છે. નિમિતો તો આ સંસારમાં ઠેરઠેર મળે છે. આપણે ઉપાદાન તૈયાર કરીએ પાત્રતા કેળવીએ.

આ નિર્ણય સ્વયં લઈને આ નિર્ણયની, પ્રતિજ્ઞાની જાણ આપણા મિત્ર, ગુરૂ, પત્ની, પુત્ર, પિતા, માતા કોઈને જાણ કરવી જરૂરી છે જેથી આપણને હંમેશા યાદ રહે, ભૂલી જઈએ કે ભૂલ કરીએ તો એવા હિતેચ્છુઓ આપણને જાગૃત કરી શકે, ધ્યાન દોરી શકે.

ગાંધીજી લંડન ગયા ત્યારે એમની માતાએ બેચરદાસ મુનિ પાસે ત્રણ પ્રતિજ્ઞા, વ્રત લીધેલ. પરસ્રી ગમન, માંસાહાર, મદ્યપાન, આ ત્રણ નહિ કરું. આ ત્રણે પ્રતિજ્ઞાઓની કસોટી થાય તેવા પ્રસંગો પણ આવેલ પણ એમાંથી બચી ગયા એ પ્રતિજ્ઞા સાથે પુરુષાર્થ અને પ્રાર્થના હતી તેથી જ.

દ્રઢ નિર્ણય એને અંતરયામી અંતર અવાજ પણ કહી શકાય. પાત્રતા-સ્વદોષ નિવારણનું મુખ્ય સાધન અમને તો લાગ્યું છે નિર્ણય વગરની પ્રાર્થના એ દિશાવગરની દોટ છે. સંકલ્પ એ પાયાની શરત છે.

હોળીને દિવસે નિર્ણય થયો કે તલગાજરડા જઈ મોરારીબાપુને મળો. ગુડીપડવાથી પાદવિહારથી વિહાર શરૂ કરવાનું નક્કી થયું. અહિ આવતા પહેલા નથી અમે પુછાવ્યું નથી સર્વે કરાવ્યો. અહિં જૈનના ઘરો કેટલા છે, ગોચરી પાણીની શું વ્યવસ્થા છે, આ કશીજ માહિતી માટે નથી પ્રયાસ કર્યો, નથી કોઈને પ્રયાસ કરવા કહેલ. બસ નીકળી પડ્યા. રીવર્સ દાંડી યાત્રા પછી અમદાવાદ પહોંચ્યા. પીયુષભાઈ માટલિયા મારફત સમાચાર મળ્યા કે તલગાજરડામાં કે મહુવા કૈલાસ ગુરૂકુળમાં ચાર્તુમાસ માટે શક્ય નથી તો હવે તલગાજરડા જવાનું મુલતવી રાખો. બીજા પણ એક બે આવા સુચનો મળેલા પણ અમે નિર્ણયમાં અડગ રહ્યાં. નિર્ણયમાં બાંધછોડ નહીં જ. સમજી લઈએ કે આવી કોઈ સુવિધા ન થઈ હોત તો શું થાત ? નુકશાન તો નહોતું જ થવાનું. ૧૯૯૭ માં અમારું મૌન ચાર્તુમાસ ચિંચણમાં સમાધિસ્થાને ચાલતું હતું ત્યારે આ જ મોરારીબાપુ ખાસ મીરાબેનને દર્શન દેવા ચિંચણી પધારેલા રાત્રે નિવાસ કરેલો. અમારો નિયમ હતો કે બે એકરમાં જ રહેવું. આશ્રમ દસ મીનીટના અંતરે જ હતો પણ નિયમમાં બાંધછોડ કરી નહોતી. જો કે પછી બાપુ સમાધિ દર્શને સવારે આવેલા અને સહજ અમારી કુટિરમાં

પાવન પગલા કરેલા. આશ્રમ દસ મીનીટ જ દૂર હતો પણ ગયા નહિં. અને ૨૦૧૯માં ૮૦૦ કિ.મી. થી વધારે વિહાર કરીને પણ બાપુને મળ્યા. આ નિર્ણયનો જ પ્રતાપ છે. અમને ખબર નથી પણ અસ્તિત્વની કોઈ યોજના જરૂર હોવી જોઈએ એટલે સહજ પહોંચ્યા અને બધી સગવડતા મળી ગઈ.

કેવા અદ્‌ભૂત ચાર્તુમાસનો યોગ સહજ મળી ગયો!!! અતિસામાન્ય, અપ્રસિધ્ધ જાણે આપણે કશું જ નથી જાણતા એમ અજ્ઞાની જેમ એકાંત, અસંગતા, પરમાર્થ મૌન સાથે આનંદયાત્રા ચાલી રહે છે. તલગાજરડા પુરતી બોલવાની છુટ રાખેલ છે પણ આ વખતે એક નવા મૌનનો પ્રયોગ શરૂ થયો છે. 'મોબાઈલનું મૌન' કોઈ સાથે મોબાઈલમાં વાત કરવી નહિ, એમ નિર્ણય થયો છે જે રૂબરૂ પ્રત્યક્ષ આવે તેની સાથે સત્સંગ-વાર્તા કરવી આ નિયમ રાખ્યો છે. અહિં કોઈ ઓળખતું નથી એટલે ભાગ્યે જ કોઈ આવ્યું છે.

''પરમાર્થ મોન'' એટલે શાસ્ત્રો, વેદો, આગમ, ધર્મ, સંપ્રદાય આ બધા વિષે મૌન રહેવું. મોબાઈલ મૌનથી સમય-શક્તિનો ખૂબ બચત થાય છે. પૂ. રમણ મહર્ષિના મૌન વિષે આપણે સહુ પરિચિત છીએ.

એક ઘડી આધી ઘડી, આધી મે પુનિ આધ,<br>
તુલસી સંગત સંતકી, કટેકોટિ અપરાધ.

બાકી અમે ક્યાં હોઈશું એની જાણકારી સહજ સહુને મળતી રહેશે, મોબાઈલથી. હમણા અમારો નાનો પૂત્ર જતીન આવેલ. મોટાનો ફોન હતો પુછ્યું કે તમે ક્યાં છો? તો નાના એ કીધું. આપણે આવવું હોય ને ત્યારે પુછવું. પપ્પાનું હવે ક્યાં હશે એ નક્કી નથી હોતું. આ વાત સાચી છે. હવે પછી ક્યાં સ્થિરતા થશે એ અમને ખબર નથી તો એનો ભાર પણ નથી. અસ્તિત્વ આપણા કરતા વધારે આપણી કાળજી રાખે છે. એની ગોઠવણમાં ગોઠવાઈ ગયા છીએ / જવાનું છે.

અપ્રસિધ્ધિ એ સાધનાની પરમસિધ્ધિ છે અને ગુરૂકૃપાની આ પ્રસાદી એ જ પુરુષાર્થ સાથે પ્રાર્થનાની સફળતા. આમ પણ અમારી પાસે 'અનુભવ' સિવાય પ્રસિધ્ધિ મળે એવી કોઈ વિશેષતા નથી અને એટલે જ આ આનંદ માણી રહ્યા છીએ. આ આનંદ વહેંચી રહ્યા છીએ.

એકાંત, અસંગતા, પરમાર્થ મૌન સાથે મોબાઈલ મૌન આ છે આ ચાર્તુમાસની ઉપાધિ, ઉપલબ્ધિ સિધ્ધિ. (ઉપાધિ એવોર્ડ કૃપા)

આભાર કિશારભાઈ જૈનનો જેના નિમિત્તે આ લખાયું છે, સહુને લાભ મળે છે. ૐ શાંતિ. - **નિમિત્ત માત્ર, તંત્રી**

## લેખનું મહેનતાણું

ભારતના વિખ્યાત ઍન્જિનિયર અને મ્હૈસુર રાજ્યના દીવાન સર વિશ્વેશ્વરૈયાએ એકવાર અમેરિકાના પ્રવાસે જવાનું થયું.

અમેરિકામાં પહોંચ્યા બાદ તેઓ શિકાગોમાં ગયા ત્યારે તેમને એક લેખની જરૂર ઊભી થઈ.

એ વિષયના એક તજજ્ઞનું નામઠામ લઈને તેઓ એના ઘેર જઈ પહોંચ્યા અને પોતાને એક લેખની જરૂર છે એમ જણાવી તે તજજ્ઞને એ લેખ તૈયાર કરી આપવા વિનંતી કરી.

લેખ તૈયાર કરી આપવા તે તજજ્ઞ લેખક કબૂલ થયા.

વિશ્વેશ્વરૈયાએ એ લેખના મહેનતાણાના આઠ ડૉલર લેખકને આપવાનું નક્કી કર્યું.

બાદ, નિયત દિવસે વિશ્વેશ્વરૈયા લેખ લેવા લેખકના ઘેર ગયા.

પણ લેખક ક્યાંક બહાર ગયા હતા. લેખકે તૈયાર કરેલો લેખ ટેબલ પર પડ્યો હતો.

લેખકની પત્નીએ એ લેખ વિશ્વેશ્વરૈયાને આપ્યો. તેમણે એ આખોય લેખ ત્યાં જ ઊભા રહીને વાંચી લીધો.

લેખ એટલો બધો સુંદર લખાયો હતો કે વિશ્વેશ્વરૈયા લેખક પર આફરીન થઈ ગયા અને તેમણે લેખકની પત્નીના હાથમાં લેખના મહેનતાણા માટેના ઠરાવેલ આઠ ડૉલરને બદલે નવ ડૉલર મૂક્યા.

પછી, વિશ્વેશ્વરૈયા એ લેખ લઈને ત્યાંથી વિદાય થયા. બીજે દિવસે પેલા લેખક તેમની પાસે આવ્યો અને બોલ્યો, ''લો, આ તમારો એક ડૉલર પાછો. મારું મહેનતાણું આઠ ડૉલર જ નક્કી થયું હતું. મારાથી તે કરતાં વધુ રકમ લેવાય નહિ.''

વિશ્વેશ્વરૈયાએ કહ્યું, ''પણ મેં એક ડૉલર તમને પ્રસન્નતાથી વધારે આપ્યો છે! આ લેખ ખરેખર ઘણો જ સારો તૈયાર થયો છે!''

લેખકે કહ્યું, ''એકવાર મહેનતાણું નક્કી થાય એટલે કામ તો અમારે સારી રીતે જ કરવું જોઈએ. એવા ઉત્તમ કામ માટે જ આઠ ડૉલર નક્કી કરાયા હતા. ઉત્તમ લેખ માટેનું જ એ મહેનતાણું નક્કી થયું હતું અને તેથી જ મેં ઉત્તમ લેખ લખ્યો હતો.''

વિશ્વેશ્વરૈયાએ તે લેખકને તે વધારાનો એક ડૉલર લેવા ઘણો આગ્રહ કર્યો. પણ લેખકે તેનો સ્વીકાર ન કર્યો તે ન જ કર્યો.

**- સંકલન: મિતેશભાઈ એ. શાહ, સૌ. દિવ્યધ્વનિ**

## ડાયરી બોલે છે.

**તા.૧૩.૪.૧૯** ના નાની દમણથી નીકળી ઉદવાડા દેરાસરમાં પહોંચ્યા અહિં એક ઘટના બની. એક ટ્રસ્ટી આવ્યા કહે તમે એકલા છો અને આવી રીતે વેશ પહેરીને તમે છેતરો છો. આ ન ચાલે તમારે કોઈ સાધુ ભગવંત સાથે રહેવું જોઈએ. આ શાસનની શોભા નથી. શાસન આથી વગોવાય છે.

અમે આધાર કાર્ડ આપ્યું તો કહે આ તો ફોટો ચીટકાડીને પણ થાય લાવો તમારા પરિવારનો નંબર અમે વાત કરીએ. તમારા ઘરવાળા તમારાથી કંટાળી ગયા હશે, તેથી ઘરેથી કાઢી મૂક્યા હશે.

અમે સમજાવવાનો પ્રયત્ન કર્યો. આ વેશ અમે પૂ. મૃગેન્દ્રવિજયજી મ.સા. ની હાજરીમાં ચિંચણ મહાવીર નગરમાં પરિવાર-સમાજ-ટ્રસ્ટીની હાજરીમાં લીધેલ છે. એ કહે એ મહારાજ પણ તમારી જેવા જ હશે.

અમે સમતાથી જોઈ રહ્યા. ટ્રસ્ટી કહે હવે તમે અહિંથી જઈ નહીં શકો. અમે સમાજ તથા અન્ય ટ્રસ્ટીઓને ભેગા કરશું અને તમને શ્રાવકનો વેશ પહેરાવીને જ જવા દઈશું. એ તો જીદ લઈને જ બેઠા.

છેવટે અમે કીધું તમારે જે કરવું હોય તે કરો અમે અહિં જ બેઠા છીએ અને હવે તમારી રજા વગર અહિંથી જશું પણ નહીં. પણ એક વાત સમજી લો કે તમે મને શ્રાવકના વસ્ત્રો પહેરાવશો તો પણ આગળ અમને સાધુનો ડ્રેસ મળી જ જશે. આ સાધુવેશ અમે છોડવાના નથી. આપ પણ સાચા છો. અને અમે પણ સાચા છીએ. તમારે જે કરવું હોય તે કરો અમે અહિં જ બેઠા છીએ.

અમે તો સમતા રાખી જે થાય તે જોવાનું રાખ્યું.

ટ્રસ્ટી ગયા એ સમજી ગયા કે ગમે તેમ આ તો પાછો સાધુ વેશ પહેરવાના છે. તેથી કે ગમે તેમ વાપીમાં કોઈ સાધુ ભગવંતને વાત જણાવીને સલાહ માંગી હશે. કલાક પછી પાછા આવ્યા. પછી કહે તમે વાપી જઈને મહારાજ સાહેબને મળી લો. આંબેલ કરીને પછી જાજો, એમ કહી એક મિનિટ પણ રોકાયા વગર નીકળી ગયા. અમને તો મુનિના નામની કે એ ક્યાં સ્થળે છે વાપીમાં એ પણ ખબર નહોતી. વળી વાપી તો પાછળ રહી ગયું હતું. આવવા જવાના બીજા ૨૦ કિ.મી. થાય. એટલે અમે તો વાપી ગયા વગર સાંજે પારડી પહોંચી ગયા.

એક વાવાઝોડું સહજ આવીને ગયું પણ સમતા રહી.

એમની વાત પણ સાચી હતી અને અમે પણ સાચા હતા.નિયમ તો એવો છે જ કે ઓછામાં ઓછા બે સાધુ તો હોવા જ જોઈએ. અમારે તો કોઈ સંપ્રદાયના સિક્કા વગર સાધુ જીવન જીવવું છે, શ્રીમદ્‌ના શિષ્ય થઈને.

**તા.૧૪.૪.૧૯** ના પારડીથી નીકળી અતુલ થઈ ‘પ્રાણધામ’ મગોધ ગામે પહોંચ્યા. અહિ પૂજ્ય પ્રાણકુંવરબાઈ મહાસતીજી ૬ ઠાણા ત્રણેક વરસથી સ્થિરવાસ કરી રહ્યા છે. સરસ મજાનું નિવૃતિનું સ્થળ છે. સંતો કેટલીક સામાજીક પ્રવૃતિઓ પણ કરી રહ્યા છે. થોડા સમય પહેલા એક જ્ઞાનસત્રનું આયોજન પણ કરવામાં આવેલ. રમેશભાઈ સંઘવીને ફોન કરી પૂછ્યું, વલસાડમાં કોઈને મળવા જેવું છે. એમણે વીરેન્દ્રભાઈ અને આશાબેનનું નામ અને નંબર આપ્યા. વીરેન્દ્રભાઈને વાત કરી તો તેઓ બીજે દિવસે સવારે અઠવાડિયા માટે મુંબઈ જવાના હતા. તેથી બપોરે જ ત્યાંથી નીકળી વલસાડ પહોંચ્યા. આશાબેન જે ભૂમિપૂત્રમાં છેલ્લા પાનાની સરસ પ્રેરણાદાયક વાર્તા લખે છે. સરસ સત્સંગ-થોડી વાતો થઈ. સોમવારના આગળના વિહારની વ્યવસ્થા ગોઠવી દીધી. વલસાડમાં યજ્ઞેશ દેસાઈને પણ મળવાનું થયેલ. આયંબિલ કોઠારી મોટાબજાર દેરાસરમાં કરી સાંજે ડુંગરી રાત્રિ રોકાણ થયું.

ડુંગરીથી વાઘલધરા આવતા વચ્ચે ભાવેશભાઈ નાયક જે વલસાડમાં મળેલા તેના ફાર્મમાં ૧ કલાક રોકાણ થયેલ. વાઘલધરા ગિરિવિહાર દેરાસર પહોંચ્યા. અહિં કેન્સર હોસ્પિટલ, દેરાસર, ગૌશાળા આની સાથે જ રોડની બીજી બાજુ સામે જ આયુર્વેદ કોલેજ પણ છે. અહિં કેન્સર તથા અન્ય રોગોની સારવાર ગાય આધારિત અને પંચગવ્ય આયુર્વેદ પધ્ધતિથી માત્ર ૧રૂા. ટોકનથી ફીમાં થાય છે. ગૌશાળામાં ૪૦૦ થી વધારે ગીર ગોવંશની ગાયો છે. ઘાસચારો બહારથી મંગાવવો પડે છે. અર્ક તથા દવાઓ ગિરિવિહાર-પાલીતાણામાં જ તેમની અન્ય ગૌશાળા છે ત્યાંથી આવે છે. ગોમૂત્રનો ઉપયોગ હોસ્પિટલમાં થાય છે અને વધે તો ખેડૂતો રૂા.૪/- લીટરે લઈ જાય છે. રીસર્ચ સેન્ટર છે, પણ હાલમાં ત્યાં કોઈ ખાસ પ્રવૃતિ દેખાણી નહિં.

બુધવારે અલીપોર આવ્યા. આ ગામમાં પ્રાયઃ મોટા ભાગે મુસ્લિમ વસ્તી જ છે પણ એમની વચ્ચે ગામમાં દેરાસર છે. અલીપોરમાં લક્ષ્મીચંદભાઈ ટ્રસ્ટી મળ્યા પણ બે પાંચ મિનિટ જ ઊભા, ઊભા વાત થઈ. અહિંના શ્રાવકો અગાસ જવાના હતા. રાતે આવવાની રાહ હતી પણ આવેલ નહીં. આને કહેવાય પુણ્યની કચાશ. અહિં ખુદ શ્રીમદ્‌ના શિષ્ય પ્રત્યક્ષ મળે છે પણ લાભ લઈ શકાતો નથી.

**- નિમિત્ત માત્ર, તંત્રી ક્રમશઃ**

## ''લક્ષ્ય સાથે પુરુષાર્થ એ જ મંત્ર''

**જીવનમાં લક્ષ્ય હશે તો ઈચ્છિત ગંતવ્ય સુધી પહોંચી શકાશે. અખંડ પ્રસન્નતા સાથે વ્યક્તિ ગુંચવણોને ઉકેલી શકે છે.**

તમારી સામે અસંખ્ય માર્ગ છે અને તમારી પાસે ક્ષમતા પણ છે, સાધન છે, વાહન છે, પરંતુ જો તમને ખબર નથી કે તમારે ક્યાં જવું છે? તમારું ગંતવ્ય શું છે? તો તમે ક્યાંય પહોંચી શકશો નહી. સૌપ્રથમ તો તમારે ક્યાં પહોંચવું છે એવું કોઈ નિર્ધારિત સ્થળ હોય તો ત્યાં પહોંચી શકાય છે. એ જ રીતે દરેકના વ્યક્તિગત જીવનમાં પણ લક્ષ્ય હોવું જરૂરી છે તો જ એ વ્યક્તિ પોતાના ઈચ્છિત ગંતવ્ય સુધી પહોંચી શકે છે.

આપણું લક્ષ્ય શું છે? વાસ્તવમાં આપ શું ઈચ્છો છો તેનું સ્પષ્ટ જ્ઞાન હોવું પણ ખૂબ જરૂરી છે. લક્ષ્યહીન જીવન પણ બહુ મોટી સમસ્યા છે. જીવનનું લક્ષ્ય સ્પષ્ટ નથી. પરંતુ હૃદયમાં ઈચ્છાઓ જાગતી રહે છે. તે વાસ્તવમાં ઈચ્છતો કાંઈ પણ નથી. એને માત્ર મનોરથો કરતા રહેવાનું વ્યસન થઈ ગયું હોય છે. આ પ્રકારના માત્ર મનોરથવાળી વ્યક્તિ આજે જો આ તરફ આગળ વધવા માગે છે તો કાલે બીજી તરફ. આજે તે ધંધાદારી બનવા માગે છે તો કાલે એક મોટો અધિકારી. આજે જો સાહિત્યકાર બનવાની ઈચ્છા છે તો કાલે રાજનીતિમાં સ્થાન મેળવવાની કામના કરવા માંડે છે. આજે જો યશવાન બનવાનો મનોરથ કરે છે તો કાલે ધનવાન બનવાનો. આવી ઈચ્છાઓવાળી વ્યક્તિનું કોઈ એક લક્ષ્ય નથી હોતું.

જીવન ગૂંચવણો વગરનો એક સરળ માર્ગ છે. એને અખંડ પ્રસન્નતા વડે પૂરો કરી શકાય છે. આવું ત્યારે જ શક્ય છે, જ્યારે મનુષ્ય પોતાની સ્થિતિમાં પૂર્ણ રીતે સંતુષ્ટ રહે, પોતાની શક્તિ તથા સીમાને અનુરૂપ જ ઈચ્છાઓ કરે, તેને મેળવવા માટે સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરે અને આકસ્મિક અસફળતાઓને સ્વીકારવા માટે સાહસપૂર્વક તૈયાર રહે. અનિયંત્રિત મનોરથો, અસ્થિર ઈચ્છાઓ અને ફક્ત સફળતાઓ માટેની ઉત્સુક કામનાઓ મનુષ્યના સરળ જીવનને નિશ્ચિત રૂપે એક ગૂંચવણો ભરેલું ઉખાણું જ બનાવી દેશે. આ ગૂંચવણોને ઉકેલતાં ઉકેલતાં તેની આખી જિંદગી નીકળી જશે અને અંતે તે એક ભયંકર અસંતોષ સાથે સંસારમાંથી વિદાય થશે. જે એવી ઈચ્છા રાખે છે કે કોઈ આપણને મદદ કરે, આપણને જીવનપથ પર ચાલવાની દિશા બતાવે, જે વિચારે છે કે કેવી રીતે કરીએ તેઓ અંધકારમાં જ રહે છે. આવી સ્થિતિમાં સમાજમાં ગુલામીવૃત્તિને જીવન અને પોષણ મળે છે કારણ કે ત્યારે આપણે બીજાઓનું મોં તાકીએ છીએ. આવી પરાવલંબી વ્યક્તિ કદી સફળતા મેળવી શકતી નથી કે પોતાની સ્વતંત્રતાનું રક્ષણ પણ કરી શકતી નથી.

આપણે પોતાના પગ પર જ આગળ વધવું પડશે. સ્વમેળે જ પોતાની મંજિલનો રસ્તો ખોળવો પડશે. પોતાના પુરુષાર્થથી જ પોતાના અધિકારોનું રક્ષણ કરવું પડશે. આપણા પૂર્વજોએ પણ આ જ રીતે ભારત કે જે એક સમયે સોને કી ચિડીયા કહેવાતો હતો એવો દેશ બનાવ્યો હતો, પરંતુ ક્રમશઃ તેમાં પુરુષાર્થની માત્રા ઘટતી જતા આજે તે સ્થિતિ ક્યાં પહોંચી ગઈ છે, તે સહુ કોઈ જાણે છે. માટે હવે સમય આવ્યો છે કે આપણે સતત પુરુષાર્થ કરીએ અને પોતાના કાર્યમાં આગળ વધીએ સતત કર્મશીલ બનતા રહીએ. આજના યુગમાં જીવનસંઘર્ષ ઘણો વધી ગયો છે. આજે મનુષ્ય માટે બે જ માર્ગ બાકી રહ્યા છે.!! એક ધકેલનાર અને બીજો ધકેલાતો. શું આપણે બીજાઓની ઠોકરોથી ગબડવાને માટે પોતાની જાતને છોડી દઈએ? આપણે દ્રઢપ્રતિજ્ઞા કરીને કાંઈ કરી બતાવીશું કે પછી ઉદાસ બનીને ભાગ્ય કે બીજાઓની આશા રાખી જિંદગીના દિવસો પૂરા કરતા રહીશું? પરાધીનતાના રૂપમાં જીવતા જાગતા મૃત્યુની પીડા ભોગવતા રહીએ છીએ. પુરુષાર્થ જ આપણી સ્વતંત્રતા અને સભ્યતાનું રક્ષણ કરનારો અડગ દુર્ગ (કિલ્લો) છે. જીવનસંઘર્ષમાં આગળ વધવું પડશે.

જો આપણે કાંઈ કરવું હોય, સ્વતંત્ર રહેવું હોય, જીવતા રહેવું અને પ્રગતિ સાધવી હોય તો એક જ રસ્તો છે!! સતત પુરુષાર્થ જ આપણા જીવનનો મૂળમંત્ર હોવો જોઈએ. **- ડૉ. પ્રણવ પંડયા (વિચારક્રાંતિ)**

**શરીર સારું છે ત્યાં સુધી સાવધ થઈ જાવ. અંતકાળમાં જીવ બહુ અકળાય છે. શરીર રોગનું ઘર થાય છે. પ્રાણ-પ્રયાણ સમયે વાત-પિત-કફના પ્રકોપથી ગળું રૂંધાઈ જાય છે. તે સમયે પ્રભુ સ્મરણ થતું નથી. પ્રાર્થના થાય પણ તે પ્રાર્થના કામ લાગતી નથી. આજથી જ નક્કી કરો કે મારે કોઈ યમદૂત જોડે જવું નથી. મારે પરમાત્મા જોડે જવું છે. પ્રભુને રોજ પ્રાર્થના કરો. શરીરમાં શક્તિ છે ત્યારે જ ખુબ ભક્તિ કરો અને પ્રભુને રીઝાવો તો અંતકાળે પ્રભુનું સ્મરણ થાય છે અને પ્રભુ લેવા આવે છે. પૂ. ડોંગરે મહારાજ**

# સત્કર્મ કરતાં આપણને કોણ રોકે છે ?

કેટલીયે વખત આ પ્રશ્ન રામકથામાં પૂછ્યો છે કે શું તમે રામકથા નથી જાણતા ? સૌ જાણીએ છીએ. મૂળ વાત બધા જાણે છે છતાં આટલી શક્તિ, સમય અને આટલો ખર્ચ શા માટે ? શું મળે છે ? કોણ આપણને ખેંચે છે ? આ જ પ્રમાણ છે કે બે મિનિટમાં કહી શકાય તેવી રામકથા નાની એવી વાર્તા નથી. રામકથા આપણા દેશની કોઈ ઐતિહાસિક ઘટના નથી. રામકથા એક સમ્રાટ અને તેના ચાર પુત્રોની દિવ્ય ગાથા માત્ર નથી. રામકથા રામ અને રાવણના તુમુલ સંઘર્ષની કથા નથી. એ બધું તો છે જ, પરંતુ એથી ક્યાંય વધુ પ્રભાવશાળી આ ગ્રંથ છે. ગોસ્વામીજીના ગ્રંથનો આજકાલ આટલો મહિમા કેમ છે? વાલ્મીકિજીએ જે રામકથા લખી તે વાલ્મીકિ રામાયણ. વાલ્મિકિ રામાયણમાં મોટે ભાગે જે પ્રસંગો છે તે વિષાદના પ્રસંગો છે, દુઃખના પ્રસંગો છે. સત્યને સહન કરવા માટે, સત્યના નિર્વહન માટે મનુષ્યને કેટલું કષ્ટ સહન કરવું પડે છે એની ભૂરી-ભૂરી પ્રશંસા એટલે વાલ્મીકિ રામાયણ. વાલ્મીકિજીનું રામાયણ સત પ્રધાન છે. એ કથા સતને પ્રધાનતા આપીને ચાલે છે અને સત્યને કારણે તેના પ્રસંગો વિષાદપૂર્ણ છે, દુઃખમય છે.

એક બીજું રામાયણ પણ ખૂબ પ્રસિદ્ધ છે, ભગવાન વશિષ્ઠના નામથી. યોગ વશિષ્ઠ. જેમાં ભગવાન રામની ઉદાસીનતાનું વર્ણન છે. જેમાં ચિત્તની પ્રધાનતા છે. વાલ્મીકિ રામાયણમાં સતની પ્રધાનતા છે. વશિષ્ઠ મહારાજે જે વર્ણન કર્યું છે તેમાં ચિત્તની સ્થિતિની પ્રધાનતા છે. વાલ્મીકિજીએ એક બીજાં રામાયણનું નિર્માણ કર્યું છે જે 'આનંદ રામાયણ' તરીકે ઓળખાય છે. જેમાં બધા આનંદના જ પ્રસંગો આપણને મળે છે. મૂળ રામાયણમાં સતની પ્રધાનતા છે, વશિષ્ઠજીએ જે વર્ણન કર્યું છે એમાં ચિત્તની પ્રધાનતા છે અને આનંદ રામાયણમાં આનંદની પ્રધાનતા છે, પરંતુ તુલસીનાં 'રામચરિતમાનસ'માં સત, ચિત્ત અને આનંદ આ ત્રણેની પ્રધાનતા છે. ગોસ્વામીજીના રામ સચ્ચિદાનંદ છે- राम राम सच्चिदानंद दिनेसा। नहिं तहें मोह निसा लवलेसा।। તુલસીનાં 'રામચરિતમાનસ'માં સત સ્વરૂપ, ચિત્ત સ્વરૂપ અને આનંદ સ્વરૂપ આ ત્રણેને મિલાવ્યા છે.

તુલસીનાં 'રામચરિતમાનસ'નું ગાન કરવાથી, તેનું શ્રવણ કરવાથી આપણને સત્કર્મની પ્રેરણા મળે છે કે આદર્શ કર્મ કયું કહેવાય. કયા રસ્તે આપણે ચાલીએ ? આ લોકને ધન્ય કરતાં કરતાં આપણે પરલોકને પણ ધન્ય કરી શકીએ. એમાં બધા સન્માર્ગો બતાવ્યા છે, પ્રસંગ અને પાત્રોના માધ્યમ વડે. ગોસ્વમીજીએ 'માનસ'માં ચિત્તના વિવેકને પણ ભરપૂર બતાવ્યો છે. જેને જ્ઞાનની પ્રાપ્તિ કરવી હોય, જેને ચિત્તનો વિવેક મેળવવો હોય, જેને મુક્તિ જોઈતી હોય, જેનામાં મુમુક્ષુ ભાવની પ્રધાનતા હોય એના સૌ માટે બધા સાધનો બતાવ્યાં છે. તુલસીના 'રામચરિતમાનસ'માં આનંદની વ્યવસ્થા છે. જે જીવનું મૂળ સ્વરૂપ છે, મૂળ સ્વભાવ છે જે ભૂલાઈ ગયો છે. જે ભૂલાઈ ગયું છે તેને ગોસ્વામીજીનું 'રામચરિતમાનસ' ખોલી આપે છે !

તમે ધ્યાનથી જોશો તો જોઈ શકશો કે આપણે સદ્‌માર્ગે નથી ચાલી શકતા, સત્કર્મ નથી કરી શકતા એમાં કોણ આડું આવે છે ? મનુષ્યનો મોહ તેમાં આડે આવે છે. કદાચ તમારામાં મોહ નથી અને તમે કોઈ ખોટું કામ કરી બેસો તો તમને ક્ષમા મળી શકે. તેનો દંડ ન મળે. કળિયુગનાં વિધાનો પર સ્મૃતિકારોનો આ નિર્ણય છે. મોહને આધીન થઈ તમે કોઈ ખોટું કામ કરો તો દંડ મળે, પરંતુ મોહ નથી અને તમારાથી અજાણતામાં કોઈ ભૂલ થઈ જાય તો કલિયુગના જીવોને ક્ષમા મળે છે.

મારાં ભાઈ-બહેનો, મોહ આપણને સત્કર્મ કરતાં રોકે છે. કોઈ વસ્તુનો મોહ, કોઈ વસ્તુ વિશેની અજ્ઞાનતા, કોઈ વસ્તુની જડતા અને કોઈ વસ્તુ તરફની આપણી વાસના. આ બધા મોહ છે. કોઈ બૅંકમાં લૂંટ થઈ જાય કરોડ રૂપિયાની તો આપણને કોઈ હરકત નહીં થાય. પણ આપણા ખિસ્સામાંથી જો પાંચ રૂપિયાની નોટ પડી જાય તો આપણને દુઃખ થાય છે. દેશમાં રોજ કેટલી હત્યાઓ થાય છે પણ ત્યાં આપણી મમતા જોડાયેલી નથી. તેથી દુઃખ નથી થતું. પણ ઘરમાં બાળકને ઠેસ વાગે તો દુઃખ થાય છે. દુઃખનું કારણ જીવની મમતા છે, મોહ છે. ભગવદ્‌ચરણમાં રત થયા વગર મોહનું સોએ સો ટકા મટવું અસંભવ છે. ગોસ્વામીજી 'અયોધ્યાકાંડ'માં પ્રતિપાદન કરે છે - सोचिअ गृही जो मोह बस करइ करम पथ त्याग। જે વ્યક્તિ મોહને આધીન થઈને કર્મ છોડી દે છે, કર્મ ચૂકી જાય છે અને અકર્મ કરી લે છે. એ અફસોસ કરવાને યોગ્ય છે. મોહને કારણે સત્કર્મ ચૂકી જઈએ છીએ. મોહને કારણે આપણા ચિત્તની દશાને યોગ્ય દિશામાં વાળી શકતા નથી. મોહના અંધકારને કારણે આપણા ચિત્તની દશાને વિભ્રાંત કરી છે. અને મોહને કારણે જ આપણો આનંદરૂપી સૂર્ય વાદળાઓની પાછળ છૂપાઈ ગયો છે. આપણી આ મોહ નિષા સમાપ્ત થઈ જાય અને આપણો મોહ મટે.

ગોસ્વામીજી કહે છે કે 'રામચરિતમાનસ'ના રામ સત, ચિત્ત આનંદ સ્વરૂપ છે. એવો સૂર્ય છે કે જ્યાં મોહની રાત્રિ વિલીન થઈ જાય છે. તમને સત્કર્મ કરવા માટે પથદર્શન થશે. આપણા ચિત્તની દશાને યોગ્ય દિશામાં વાળવા માટેનો સમય મળશે અને આપણને પરમ આનંદની ઉપલબ્ધિ પણ થશે. આ કથા લોકપ્રિય અને લોકપ્રાપ્ય એટલા માટે બની છે કે એમાં સત, ચિત્ત અને આનંદ ત્રણેયનું પ્રતિપાદન થાય છે. સાતકાંડોના પ્રસંગો અને પાત્રોના માધ્યમ દ્વારા જે ઘટનાઓ ઘટી છે એની મદદથી ગોસ્વામીજી પ્રાચીન કથાને આજના કાળમાં અને સંદર્ભમાં રાખી આપણી ઘણી બધી સમસ્યાઓનો જવાબ આપે છે. બાપ, આ કથા મનોરંજન નથી, હા, મનનું રંજન તો જરૂર થશે, પરંતુ આ કથા યોગ્ય રીતે અને અનુષ્ઠાનપૂર્વક કહેવામાં આવે અને સાંભળવામાં આવે તો નવ દિવસમાં આપણા જીવનની યાત્રા સત્કર્મ તરફ અગ્રેસર થઈ શકે છે. આપણા ચિત્તની દશા બદલી શકે છે. અને આપણે આપણી જાતને આનંદથી ભરી શકીએ છીએ. આટલો ખર્ચ કર્યો છે, આટલી શક્તિ અને આટલી બુદ્ધિ જ્યારે કામે લાગી છે ત્યારે થોડી માત્રામાં પણ એનું પરિણામ આપણને મળે. **- પૂ. મોરારીબાપુ**

**(સંકલન: જયદેવ માંડક), સૌ. મુંબઈ સમાચાર**

## હું જ મારો ભાગ્યવિધાતા

ઈકબાલનો એક શેર ખૂબ પ્રસિદ્ધ છે.
ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદિર સે પહલે,
ખુદા બંદે સે ખુદ પુછે બોલ તેરી રઝા ક્યા હૈ ?

આજે આપને એક એવા યુવાનની વાત કરવી છે જેણે પોતાનું નસીબ એની જાતે જ લખ્યું છે. એ પોતે જજ પોતાનો ભાગ્યવિધાતા બન્યો છે અને બીજા કેટલાય યુવાનોનો પ્રેરણાસ્રોત પણ બન્યો છે.

૧૨ વર્ષની ઉંમરનો એક બાળક છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો હતો. એક દિવસ આ છોકરો એમના મિત્રો સાથે રમત રમતો હતો. રમતા રમતા આ બાળક એક અમીર માણસનાં ઘરમાં જઈ ચડ્યો. અમીર માણસે છોકરાને એના ઘરના આંગણમાં જોયો એટલે એના પર તાડૂક્યા. ગુસ્સે થઈને છોકરાને કહ્યું, 'તું સાયકલ રિક્ષા ચલાવનારા એક સામાન્ય માણસનો દીકરો છે. તારી હિંમત કેવી રીતે થઈ મારા ઘરમાં પગ મૂકવાની?' છોકરો હેબતાઈ ગયો. 'આ અંકલ આટલા બધા ગુસ્સે કેમ થાય છે' - એ એને સમજાતું નહોતું. બીજા દિવસે શાળામાં એક શિક્ષકને આ છોકરાએ વાત કરી. પેલા શિક્ષકે સમજાવ્યું, 'બેટા, તારા પિતાના આર્થિક પરિસ્થિતિના કારણે એ ભાઈએ તારું અપમાન કર્યું.' નાના છોકરાએ પૂછ્યું, 'સર, પણ કોઈ મારું અપમાન ન કરે એવું કરવું હોય તો મારે શું કરવું જોઈએ?' શિક્ષકે મજાક મજાકમાં કહ્યું, 'એક કામ કર, તું કલેક્ટર બની જા, પછી તારા પિતાની આર્થિક પરિસ્થિતિ સામે કોઈ નહીં જુવે અને ક્યારેય કોઈ તારું અપમાન પણ નહીં કરે.'

કલેક્ટર શું કહેવાય એની આ છોકરાને કંઈ જ ખબર નહોતી. પણ એને એ જ ક્ષણે નક્કી કર્યું કે મારે કલેક્ટર થવું છે. પછી તો અભ્યાસ આગળ વધતો ગયો તેમ તેમ વધુ સ્પષ્ટ થતું ગયું. ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી પરીક્ષાની તૈયારી માટે આ છોકરો દિલ્હી આવ્યો. સાયકલ રિક્ષા ચલાવીને માંડમાંડ પરિવારનો ગુજારો કરતા પિતાજીએ પણ છોકરાને ભણાવવા દેવું કર્યું. છોકરો પણ કોઈ ખોટો ખર્ચ ન કરે. બે મહિના તો માત્ર બે વખત ચા પીવાના પૈસા ન હોય એવી સ્થિતિમાં કાઢ્યા. આ છોકરાએ કલેક્ટર બનવા માટે યુપીએસસીની પરીક્ષા આપી. પરીક્ષાના પહેલા બે સ્ટેજ પાસ પણ કરી લીધા. હવે ઈન્ટરવ્યુમાં જવાનું હતું પણ એની પાસે ઈન્ટરવ્યુમાં પહેરવા માટેના સારા કપડાં કે બૂટ કંઈ જ નહોતું. સામાન્ય કપડાં પહેરીને ઈન્ટરવ્યુ આપવા કેમ જવું એની મૂંઝવણ હતી. છોકરાની મોટી બહેન પરણીને સાસરે ગયેલી એણે પોતાની પ્રસુતિ માટે ૨૦૦૦ બચાવેલા. આ ૨૦૦૦ એમણે કપડાં અને બૂટ લેવા માટે નાના ભાઈને આપી દીધા.

આ છોકરાએ ઈન્ટરવ્યુમાં સૌથી વધુ માર્કસ મેળવ્યા. સાયકલ રિક્ષા ચલાવનારા ગરીબ ડ્રાઈવરના દીકરાએ યુપીએસસીની પરીક્ષા પાસ કરી અને કલેક્ટર પણ બન્યો. આ છોકરાનું નામ ગોવિંદ જયસ્વાલ.

બાળપણમાં થયેલા અપમાને ગોવિંદને એવી લગની લગાડી કે એણે દુનિયાની સૌથી અઘરી ગણાતી પરીક્ષા પણ પાસ કરી દીધી. કલેક્ટર બનેલા ગોવિંદના ચહેરા પર તમને જે આનંદ દેખાશે એના કરતા સાયકલ રિક્ષા ચલાવતા એના પિતાના ચહેરા પર બમણો આનંદ દેખાશે. જો મનોબળ મજબૂત હોય અને ધ્યેય પ્રાપ્તિ માટે સમર્પણભાવથી પુરુષાર્થ કરવાની તૈયારી હોય તો દુનિયાની કોઈ તાકાત તમને સફળ બનાવતા રોકી ન શકે કારણ કે તમે જ તમારા ભાગ્યવિધાતા છો.

**- શૈલેષ સગપરિયા, સૌ.પરિત્રાણ**

# નિમિત્ત - ઉપાદાન

નિમિત્ત-ઉપાદાન સંબંધ આપણા જીવનની દરેક પરિસ્થિતિ સાથે જોડાયેલો છે. એક ખેડૂત પાસે બે ઘડા હોય છે. એ ઘડાઓને લાકડીથી બાંધી કૂવામાંથી પાણી ભરી એ ખેતરમાં નાખતો. આ બેમાંથી એક ઘડામાં કાણું હતું. બીજો ઘડો કાણા વગરનો હતો. એ વાતનું ઘડાને બહુ અભિમાન હતું. એ કાણાવાળા ઘડાની મજાક ઉડાવતો. ત્યારે એ ઘડાને આશ્વાસન આપતા ખેડૂતે કહ્યું, આ વખતે ખેતર તરફ જઈએ ત્યારે રસ્તા પર નજર નાખજે. ઘડામાંથી જ્યાં પાણી ટપકી રહ્યું હતું એની નીચેની જમીનમાં ફૂલોનો બગીચો ઊગી નીકળ્યો હતો. કહેવું મુશ્કેલ છે કે બગીચો ફૂટેલા ઘડાને કારણે ઉગ્યો કે બીજની પોતાની ક્ષમતાને કારણે? આવો હોય છે નિમિત્ત-ઉપાદાનનો સંયોગ. નિમિત્ત ઉપાદનની જોડી આપણા જીવનમાં આવો જ કાંઈ સાપ-સીડીનો ખેલ રચે છે. તો ચાલો આ નિમિત્ત-ઉપાદાનની ક્રોસવર્ડ પઝલને ઉકેલવાનો પ્રયત્ન કરીએ. નિમિત્ત એટલે સંજોગ, સાધન, પરિસ્થિતિ. કોઈ પણ કાર્યની ઉત્પતિની અનુકૂળ પરિસ્થિતિ એટલે નિમિત્ત. આપણી આજુબાજુ ઘણી બધી પરિસ્થિતિઓમાં નિમિત્તની બોલબાલા જોવા મળે છે. આજકાલની text language માં કહીએ તો નિમિત્ત એટલે 3 R-right person, right perspective અને right time. ઉત્તરાધ્યયન સૂત્રમાં આપણને પ્રત્યેક બુદ્ધના ઉદાહરણ મળી આવે છે, જ્યાં નિમિત્ત મળ્યું અને પૂર્ણ જ્ઞાનનો પ્રકાશ છવાઈ ગયો.

તો બીજી બાજુ ઉપાદાન એટલે વસ્તુની સહજ શક્તિ-સ્વાભાવિક શક્તિ. કાર્ય થવા માટે વસ્તુની તે સમયની યોગ્યતા. જીવના સંદર્ભમાં કહીએ તો સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર પામવાનું જીવનું પોતાનું સામર્થ્ય, શક્તિ. ઉદાહરણ તરીકે બીજમાં જેમ સામર્થ્ય હોય છે-છોડ બનવાનું અને બગીચો બનવાનું.

આ ઉપાદાન સાથે જ્યારે નિમિત્ત જોડાય છે ત્યારે જે સંબંધ રચાય છે એ જરા અટપટો હોય છે. કોઈ પણ કાર્યમાં નિમિત્ત અને ઉપાદાન જોડાયેલા હોય છે અને છતાં એ બંને સ્વતંત્ર અને જુદા છે. આ બંને વચ્ચેનો સંબંધ હોય છે એકદમ સહજ અને સુંદર જાણે કે દૂધમાં સાકર કે સોનામાં સુગંધ કે પછી જાણે કોઈ magnetic connection - પણ એનો મતલબ એ નથી કે નિમિત્તને કારણે કોઈ કાર્ય થાય છે. નિમિત્ત એ કર્તા નથી. વસ્તુના સ્વતંત્ર સ્વભાવની સમજણ અને સ્વીકાર એ જ તો જૈન દર્શનની માસ્ટર કી છે. જે આને પકડી લે એનું જીવન જ યાત્રા બની જાય. જગતના બીજા જીવો, દ્રવ્યો, પરિસ્થિતિ પરની પરાધીનતાનો એક ઝટકે છેદ ઊડી જાય છે. ઉદાહરણ તરીકે આપણી આજુબાજુ આપણે કેટકેટલા સંબંધોના તાણાવાણામાં જોડાયેલા હોઈએ છીએ, જાણે એના વગર જીવન જીવી જ ન શકાય, પણ દરેક કાર્ય ઉપાદાન પ્રમાણે થાય છે એવી દ્રવ્યની સ્વતંત્રતા પર આપણી જિંદગીના કેમૅરાનું ફોકસ આવી જાય તો આખો નજરિયો જ બદલાઈ જાય છે. અહીં મને કવિ સુરેશ દલાલની પંક્તિયો યાદ આવે છે, ‘આવશે તો આવવા દઈશ, જશે તો જવા દઈશ, આપણો સંબંધ તો નિંદ પહેલાનું ઝોકું’ બસ આવી પરદ્રવ્ય પ્રત્યે સાચી ઉદાસીનતા જાગે તો વીતરાગતાના હાઈ-વેનું ગ્રીન સિગ્નલ મળી ગયું સમજો. પછી તો જાણે મૅકઓવર થઈ જાય છે. કોઈ વ્યક્તિ આપણી નિંદા કરે અથવા અપશબ્દો કહે તો સામાન્ય રીતે આપણો રિસ્પોન્સ એ રહેવાનો કે આ વ્યક્તિએ મને ગુસ્સો અપાવ્યો કે આ વ્યક્તિને કારણે મને ગુસ્સો આવ્યો, પણ આ આખી પરિસ્થિતિમાં નિમિત્ત-ઉપાદાનની ફૉર્મ્યુલા નાખીએ તો આખા દાખલાનો જવાબ જ બદલાઈ જાય છે. ખરેખર તો આપણે પોતાના જ્ઞાનસ્વભાવથી હટીને નિમિત્ત દ્રષ્ટિમાં ગયા. એટલે ક્રોધરૂપી પરિણામ આવ્યું. નિમિત્ત-ઉપાદાનની સાચી સમજણ આપણને આપણી પોતાની અનંત શક્તિ, સંપદા અને સામર્થ્યનો અહેસાસ કરાવે છે. પછી નથી રહેતી બહારની સામગ્રીની અપેક્ષા કે નથી રહેતો કોઈ નિમિત્તનો ઈંતઝાર.. જાણે જિંદગીના ફોલ્ડરમાંથી હંમેશ માટે બહાનાઓની ફાઈલ ડિલીટ થઈ જાય છે. એક પ્રોફેસરને એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળવા આવે છે. બધા પોતાના પ્રોલ્બેમનું પોટલું ખોલીને બેસી જાય છે. પ્રોફેસર બધું ચૂપચાપ સાંભળે છે અને કૉફી બનાવવાનું શરૂ કરે છે. અને વિદ્યાર્થીઓને ટ્રેમાંથી કૉફી માટેના કપ પસંદ કરવાનું કહે છે. નાના, મોટા, સસ્તા, મોંઘા, સાદા, ડિઝાઈનવાળા કેટકેટલા જાતના કપમાંથી કપ પસંદ કરવામાં વિદ્યાર્થીઓ મંડી પડે છે. ત્યારે કપ પસંદ કરીને આવેલા વિદ્યાર્થીઓને પ્રોફેસર કહે છે તમે કપ પસંદ કરવામાં કેટલો બધો સમય નાખી દીધો. મહત્ત્વનું શું છે ? કૉફી. કોઈ પણ કપમાં પીઓ એનાથી શું ફરક પડે છે? ક્યાંક નિમિત્તરૂપી કપ પાછળ આપણી ઉપાદાનરૂપી કૉફી વેડફાઈ તો નથી રહીને? તો ચાલો પ્રયત્નની પાળ પર પગલા પાડીએ. સામે પાર મોક્ષ માટેના નિમિત્તો ક્યારની આપણી રાહ જોઈ રહ્યા છે.

**- ડૉ. હેમાલી સંઘવી, સૌ. પ્રબુદ્ધ જીવન**

# ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ

ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગને દેશની કૃષિ શૈલી બનાવવા મોદી સરકારની પ્રોત્સાહક નીતિઓ ન તો કેવળ કિસાનોની બલ્કે સમગ્ર રાષ્ટ્રની આવતી કાલ ઉજ્જવળ બનાવી દેશે. મોદી પાસે અદભુત વિઝન છે, તેઓ ક્રાંતિકારી પગલાં લેવાનું સાહસ ધરાવે છે, ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગનો કોન્સેપ્ટ રસપ્રદ છે, વૈજ્ઞાનિક છે, અહિંસક ઉપજાઉ અને પવિત્ર છે. મોદી સરકારના નવા બજેટમાં કૃષિ મંત્રાલયને પ્રતિ વર્ષ ૧.૪ લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. **- મનીષ આચાર્ય, લેખક**

કિસાનોને કંગાલી તરફ દોરી જવામાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ આધારિત કહેવાતી આધુનિક ખેતી પધ્ધતિનો સહુથી મોટો ફાળો છે. ૬૦ ના દાયકામાં કોંગ્રેસ સરકારે પંજાબથી તેની અવિચારી શરૂઆત કરી હતી. શરૂઆતમાં તેના થકી કૃષિ ઉત્પાદનોમાં વૃધ્ધિ પણ નોંધાઈ હતી. પરંતુ કૃષિ જીવન અને પાકમાં ખેડ ખાતર અને પાણીની ભૂમિકાથી લઈને વનસ્પતિના જીવન ક્રમ સુધીની બાબતો અંગે કોઈ જ અનુભવ કે ચિંતન ન ધરાવનાર કોંગ્રેસી સરકારોને એ વાતનો કદાચ સહેજે અણસાર ન હતો કે તેઓ કૃષિ, કિસાન અને આ દેશને પતનની ગર્તામાં ધકેલી રહ્યા છે. અથવા તો તેઓ સ્થાપિત હિતો સાથે લાભની જંગી ભાગીદારીમાં આ બધું જાણી જોઈને કરી રહ્યા હતા.

જો કે મોદી સરકારના સત્તારૂઢ થવા બાદ આ ક્ષેત્રે ચોક્કસ પરિવર્તન આવ્યું છે. પોતાની પ્રથમ ટર્મથી જ ગ્રામીણ વિકાસ અને કૃષિના પુનઃ ભારતીય કરણ, પ્રકૃતિ કરણ બાબતે સરકાર સક્રિય રસ લઈ રહી છે. સરકારની બીજી ટર્મમાં નાણાં મંત્રી નિર્મલા સીતારામને ભાંગતા જતા ગામડાઓ પાયમાલ થઈ રહેલા ખેડૂતો અને વિષયુક્ત ખેત પેદાશો બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરીને સ્વસ્થ ખેતી પધ્ધતિ ને પુનઃ જીવિત કરવા અંગે નક્કર નિસ્બત દર્શાવી છે.

રાસાયણિક ખેતીના લાંબા સમયના પ્રયોગના કારણે ધરતી પોતાની ફળદ્રુપતા ગુમાવી વાંઝણી થઈ ચૂકી છે. આવા રસાયણ અને જંતુનાશક દવાઓ યુક્ત અનાજ અને શાક ભાજી ખાઈ લોકો ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે. પંજાબના જ્યાં મહત્તમ રાસાયણિક ખેતી થઈ છે ત્યાં કેન્સરનું પ્રમાણ એટલું વધ્યું છે કે કેન્સરના દર્દીઓને તેડવા મુકવા કેન્સર એક્ષપ્રેસ નામની એક ખાસ ટ્રેઈન દોડાવવામાં આવે છે.

પરંતુ હવે નવી સરકાર ઝીરો બજેટની પ્રાકૃતિક કૃષિના પુનઃજીવન માટે શ્રેણીબદ્ધ પગલાંઓ લેશે. આમ તો આપણા દેશમાં કોંગ્રેસ શાસન પહેલા આવી કુદરતી સ્વરૂપની ખેતી જ થતી. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી રાસાયણિક પ્રકારની જ ખેતી થતી હોવાના કારણે લોકો પ્રાકૃતિક ખેતી ભૂલી ગયા છે. આવા કિસાનોને આ વિષયની તાલીમ આપવા સરકાર ખાસ કાર્યક્રમો અમલમાં મૂકશે. ઝીરો બજેટની પ્રાકૃતિક ખેતીના કારણે સામાન્ય પ્રજાને વિષમુક્ત ગુણવત્તા યુક્ત ખોરાક મળશે. વાંઝણી જમીનો પુનઃજીવિત કરી ખેડૂતો નવી આવકની સાથે જોખમથી મુક્ત એવું ખેતરનું પર્યાવરણ મેળવશે.. પ્રદૂષણ ઓક્તા રાસાયણિક અને જંતુનાશક દવાઓના કારખાના ધીમે ધીમે બંધ થવાથી સ્વચ્છ હવા અને શુદ્ધ પાણી પ્રાપ્ય બનશે.

ખાસ કરીને રાસાયણિક ખેતીમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓના ભાવ આસમાને પહોંચ્યા છે. તે બધું ખરીદવા તે દેવું કરે છે, બેંક લોન લે છે અને જો પાક નિષ્ફળ જાય કે વ્યાજબી ભાવ ન મળે કે ડિમાન્ડ ન નીકળે તો આ તમામ પૈસા ડૂબી જાય છે. ખેડૂતો આ સ્થિતિમાં આપઘાત કરે છે.

અલબત્ત પ્રાકૃતિક ખેતીમાં ગૌમૂત્ર અને ગાયના છાણનો જ ઉપયોગ થાય છે. પાકને જીવાત ન લાગે તે માટે જીવાત પ્રતિરોધક વનસ્પતિઓ ખેતર વાડીમાં વાવવામાં આવતી હોય છે. ખેડૂત માટે ગૌમૂત્ર અને છાણ ઘણું સુલભ હોય છે. સવાલ છે આ પદ્ધતિની પુનઃ તાલીમ અને આ ખેતી પદ્ધતિના તમામ પાસાઓ બાબતે ખેડૂતોને યોગ્ય અને સમયસરના માર્ગદર્શનની.

વિદર્ભના ખેડૂત સુભાષ પાલેકરે આ કૃષિ પધ્ધતિને પુનઃજીવિત કરવા ઐતિહાસિક પ્રદાન કર્યું છે અને અનેક રાજ્યોના હજારો ખેડૂતોને તેઓએ સેમિનાર અને શિબિરો યોજી પદ્ધતિસરનું જ્ઞાન આપ્યું છે. તેમને પદ્મશ્રીનું સન્માન આપી સરકારે તેમની સેવાઓને બિરદાવવા સાથે આ પદ્ધતિના પ્રસાર માટે ચોક્કસ કાર્યક્રમો તૈયાર કર્યા છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહનના સરકારના એલાન પછી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાની કંપનીના શેરના ભાવમાં ખાસ્સો ઘટાડો થયો છે.

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## ગાંધીનું કલેવર

દેશમાં રહ્યા તે ગાળા દરમ્યાન ગાંધીનો વીકાસ શુન્યવત્ હતો. વીલાયતમાં ગાંધીએ કેવળ પોતાના જ પગ પર ઉભા રહેવું પડ્યું ત્યારે જ ગાંધીને પાંખ ફુટી. પોતે વાંચેલા અભ્યાસના ગ્રંથો અને ઈતર વાચનની યાદી ગાંધીજીએ આપી છે. આવકની મર્યાદામાં કરકસરથી જીવવાનું શરુ થયું અને સતત વધતું જ રહ્યું. પોતાના મુળ સંસ્કાર છોડ્યા સિવાય અંગ્રેજ સમાજની ઉત્તમોત્તમ લાક્ષણીકતાઓ આત્મસાત્ કરવાના તેમના પ્રયાસ અહીં નોંધાયા છે અને ધર્મચીંતન પણ ચાલ્યું છે. વીલાયતનાં સાંસ્કૃતીક પરીવેશનો જેટલો લાભ ગાંધીએ ઉઠાવ્યો છે તેટલો વલ્લભભાઈએ, જવાહરલાલે કે બીજા કોઈએ ઉઠાવ્યો નથી. અંગ્રેજ સંસ્કૃતી પ્રત્યે અને રાજવટ તરફ પણ તેમની ભક્તીમય અને આજીવન નીષ્ઠાનું મુળ અહીં પડેલું છે.

ગાંધીજી ભારતનાં ખરા, પણ તેમનું ઘડતર ભારતમાં થયું નથી. વીલાયતમાં અને વીલાયતી વાતાવરણ ધરાવતા દક્ષીણ આફ્રીકાની ધગધગતી ભઠ્ઠીમાં ગાંધીનું કલેવર ઘડાયું છે. તેથી અભીગમ અને અભીવ્યક્તીની બાબતમાં ગાંધીમાં ભારતીયપણા કરતાં અંગ્રેજ ગ્રંથી ઘણી વધારે જોવા મળે છે. સમયપાલનનો તીવ્ર આગ્રહ, શીસ્ત, કાયદા સામેની લડત વખતે પણ બાકીનાં તમામ કાયદાનું ચુસ્ત પાલન, પોતે જેને સાચું સમજે તેના માટે લડવાનું ઝનુન અને વિરોધીઓ પ્રત્યે પણ વાજબી વર્તાવવું વલણ જોતાં ગાંધી ઉચ્ચ કક્ષાના અંગ્રેજ - ભારતવાસી છે. અંગ્રેજ સામ્રાજ્ય પ્રત્યેની નિષ્ઠા તેમણે આત્મકથામાં વારંવાર બોલી બતાવી છે. પણ જલીયાંવાલા બાગમાં ડાયરે આ નિષ્ઠાને ઠાર મારી તે તેમણે કહ્યું નથી.

ગાંધીજીનું જાહેર જીવન ઈંગ્લેન્ડમાં શરુ થયું અને પેટની ભુખ સંતોષવા શરુ થયું. શાકાહારી ભોજન માટેના રઝળપાટમાં તેમણે સાનુકુળ ભોજનાલયો અને સંસ્થાઓનો સંપર્ક સાધવો પડ્યો. આવી સંસ્થાઓમાં તેમણે કામ આદર્યું અને લખવા બોલવાનું પણ શરુ થયું. શ્રદ્ધાએ ચુસ્ત હીંદુ હોવા છતાં. હીંદુધર્મની પહેલી ઝાંખી તેમને ઈંગ્લેન્ડમાં થઈ અને ખ્રીસ્તી ધર્મની તેમના માનસમાં પડેલી ઉંડી છાપના કારણે ગાંધી વધારે સારા હીંદુ બન્યા. બીમાર, ગરીબ અને શોષીત પ્રત્યે અથાક પ્રેમ અને નીર્વ્યાજ સેવાભાવના તેમનામાં પડેલી હતી; તે ખ્રીસ્તી ધર્મના કારણે વિશેષ ધારદાર બની. સ્ત્રી-પુરુષ સંબંધો અંગે ગાંધીજીના સુપ્ત માનસમાં જે હીણપતની ભાવના છે તે પણ ખ્રીસ્તી ધર્મ વિચારનો પ્રભાવ છે. રતિ સંબંધો અંગે હીંદુ અભીગમ ગાંધીજી કરતાં તદ્દન ઉલટો છે અને ઘણો વધારે સ્વસ્થ તેમજ સમજદારી ભર્યો છે.

**- નગીનદાસ સંઘવી,**

**('નયા માર્ગ' ગાંધી : સવાસો વિશેષાંકમાંથી)**

**(લેખ ઊંઝા જોડણીમાં છે)**

## આપણે પ્રજાના સેવક છીએ

બહેનોની પ્રાર્થનામાં બાપુએ દરેક કુટુંબનો સાબુનો વપરાશ કેટલો છે તેની તપાસ કરી. બહેનોના ઉત્તર ઉપરથી વ્યક્તિદીઠ બાર આના (૭૫ પૈ.) થી રૂપિયાનો વપરાશ આંકવામાં આવ્યો. બાપુએ સાબુ-વપરાશ ઘટાડવાની વાત બહેનો પાસે મૂકી. રોજિંદાં ખાદીનાં જાડાં, સફેદ કપડાં અને તેથીય જાડાં ચાદરો, ચોરસા, ગલેફ, ગાદલાંની ખોળો વગેરે ધોવામાં સાબુ કરકસરથી વપરાતો હતો એટલે વધુ કરકસરની ગુંજાઈશ ન હતી, એમ બહેનોએ બાપુને સ્પષ્ટ જણાવ્યું. બાપુએ કહ્યું, તમે સૌ જાણો છો તેમ આશ્રમ પ્રજાના પૈસે નભે છે. આપણે સૌ પ્રજાના સેવક હોવાનો દાવો કરીએ છીએ. આશ્રમમાં લગભગ ત્રણ સો માણસો રહે છે અને પ્રતિવ્યક્તિ રૂપિયા એકનો સાબુનો વપરાશ એટલે માસિક રૂપિયા ત્રણસોનો સાબુનો ખર્ચ જોઈને દાતાઓ શો વિચાર કરશે? જૂના જમાનામાં સાબુ હતો જ નહિ, ત્યારે પણ કપડાં સ્વચ્છ રહેતાં હતાં જ ને! તમારે વપરાશ ઘટાડવા વિચારવું જ રહ્યું. બહેનો વતી બાએ (કસ્તુરબાએ) સ્પષ્ટતા કરી, 'અગાઉ સાબુને સ્થાને ઉસ વપરાતો, જે હવે મળતો નથી.' ઘણી ચર્ચાને અંતે પ્રતિવ્યક્તિ મહિને આઠ આના (૫૦ પૈ.) ના સાબુ માટે બહેનો તૈયાર થઈ. જો કે બાપુની દરખાસ્ત ૬ આના (૩૭ પૈ.) ની હતી, પણ બહેનોની દલીલ આગળ આખરે એમણે નમતું જોખ્યું.

**- 'સાબરમતી આશ્રમનાં મારાં સંભારણાં'**

**(લે. કમળાબેન પટેલ) , પ્રેષક : શ્રી શાંતિલાલ ગઢિયા**

## માહ્યલાની નથી લેવાતી સંભાળ

જીવનમાં સતત પગની ઉપેક્ષા થાય છે અને પગરખાંને પોલીશ થતું રહે છે. દાંતના ચોકઠાની લેવાય તેટલી સંભાળ દાંતની નથી લેવાતી; ચશ્માની લેવાય તેટલી સંભાળ આંખની નથી લેવાતી, પહેરવેશની લેવાય તેટલી શરીરની નથી લેવાતી; શરીરની લેવાય તેટલી સંભાળ મનની નથી લેવાતી અને મનની લેવાય એટલી સંભાળ માહ્યલાની નથી લેવાતી. **- ગુણવંત શાહ**

## ભાગવત રહસ્ય ભાગ-૨૭૬

યૌવનમાં જ વનવાસની જરૂર છે. વનવાસ વગર જીવનમાં સુવાસ આવશે નહિ. સાત્વિકતા આવશે નહિ. વનવાસ વગર-વાસનાનો વિનાશ થતો નથી.

વનમાં રહેવાનું એટલે વિલાસીના સંગમાં નહિ રહેવાનું. વિલાસી લોકોથી દૂર જવાનું છે. ગૃહસ્થના ઘરમાં ભોગના પરમાણુઓ ફરે છે. ભોગ ભૂમિમાં ભક્તિ બરોબર થતી નથી. વધારે નહી તો મહિનો-કે-થોડા દિવસો-કોઈ પવિત્ર નદીના કિનારે કે પવિત્ર જગાએ રહેવું જોઈએ.

કે જ્યાં હું ને મારા ભગવાન-ત્રીજુ કોઈ નહિ. ત્રીજો આવે તો તોફાન થાય છે.

વનવાસ મનુષ્યના હૃદયને કોમળ બનાવે છે, વનવાસમાં ખાતરી થઈ જાય છે-કે-ઈશ્વર સિવાય મારું બીજું કોઈ નથી. અરણ્યકાંડ આપણને બોધ આપે છે-કે ધીરે ધીરે સંયમને વધારી વાસનાનો વિનાશ કરો.

ઉત્તમ સંયમ-એ તપ છે. પહેલો સંયમ જીભ પર રાખવાનો હોય છે. વનવાસ દરમિયાન રામજી એ અનાજ-લીધું નથી. ફળાહારી રહ્યા છે. કંદમૂળનું સેવન કર્યું છે. અન્નમાં રજોગુણ છે. રજોગુણમાંથી કામની ઉત્પત્તિ થાય છે. સીતાજી સાથે રહેવા છતાં-રામજી-પૂર્ણ નિર્વિકાર છે. ધીરે ધીરે વાસનાનો વિનાશ કેવી રીતે કરવો તે બતાવ્યું છે અરણ્યકાંડમાં.

દાનથી વાસનાનો નાશ થતો નથી, પ્રભુમાં પ્રેમ થતો નથી. વાસનાનો વિનાશ પ્રભુના નામથી થાય છે. વાસના પર વિજય મેળવવો હોય-તો-જીવનને ખૂબ સાત્વિક બનાવવું પડે. જીવનમાં તપશ્ચર્યા કરવામાં આવે તો જ રાવણ એટલે કે કામ મરે છે.

અરણ્યકાંડમાં શૂર્પણખા મોહ અને શબરી-શુદ્ધ ભક્તિ મળે છે. શૂર્પણખા એટલે કે મોહની સામે ભગવાન જોતા નથી, પણ શુદ્ધ ભક્તિ એટલે કે શબરીજીની સામું જુએ છે. મોહને કાપી નાંખી શુદ્ધ ભક્તિ અપનાવવાની છે. મનુષ્ય નિર્વેર, નિર્વાસન-બને તો જીવની ઈશ્વર સાથે મૈત્રી થાય.

એટલે અરણ્ય કાંડ પછી આવે છે-કિષ્કિંધાકાંડ. આ કાંડમાં જીવ (સુગ્રીવ) અને ઈશ્વર (રામજી)ની મૈત્રી બતાવી છે. અરણ્યકાંડમાં કામનો ત્યાગ કર્યો એટલે જીવ અને ઈશ્વરનું મિલન થયું. પણ બંનેની મૈત્રી ત્યારે થાય કે જ્યારે વચ્ચે હનુમાનજી (બ્રહ્મચર્ય) વકીલાત કરે.

સુગ્રીવનો અર્થ થાય છે-જેનો સારો કંઠ છે તે કંઠની શોભા આભુષણથી નથી પણ ભગવાન ના નામજપથી છે. રામનામથી છે. હનુમાનજી બ્રહ્મચર્યનું પ્રતિક છે. ભક્તિ અને બ્રહ્મચર્ય વગર ઈશ્વરની મૈત્રી થતી નથી. લખ્યું છે કે બ્રહ્મચર્યના બળ વગર ભજનમાં આનંદ આવતો નથી.

જીવ અને ઈશ્વરની મૈત્રી થઈ-એટલે જીવન સુંદર થયું. એટલે આવ્યો-સુંદર કાંડ. જ્યાં સુધી જીવ ઈશ્વરની મૈત્રી કરતો નથી ત્યાં સુધી જીવન સુધરતું નથી. મૈત્રી કરવા લાયક એક પરમાત્મા છે. જે પરમાત્મા માટે જીવે છે, પરોપકાર માટે જીવે છે. તેનું જીવન સુંદર છે. જે ઈન્દ્રિયસુખ ભોગવવા માટે જીવે છે-તેનું જીવન-એ જીવન નથી, મરણ છે.

કિષ્કિંધાકાંડ પછી આવે છે-સુંદરકાંડ. સુંદરકાંડ નામ પ્રમાણે અતિ સુંદર છે. તેમાં રામભક્ત હનુમાનજીની કથા આવે છે. રામસેવા એ જ હનુમાનજીનું જીવન છે. રામજીનું નામ એ જ હનુમાનજીનું ભોજન છે. સેવા ને સ્મરણ માટે જીવે એ જ સાચો વૈષ્ણવ.

**લેખક : પૂ. ડોંગરેજી મહારાજ, સ્કંધ-૦૯, ભાગ ૭૨, સૌ. શ્રી અનિલભાઈ પી. શુક્લ.**

## ૨ કિલો દહીં કરશે ૨૫ કિલો યુરિયાનો મુકાબલો

જરૂર મુજબ દહીંના પાંચ કિલો મિશ્રણમાં પાણી ભેળવીને એક એકર પાકમાં છંટકાવ થશે. તેના પ્રયોગથી પાકમાં હરિયાળી સાથે સાથે કીટ નિયંત્રણ થાય છે. પાકને પુષ્કળ પ્રમાણમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસ મળતો રહે છે. તેનાથી છોડ છેલ્લા સમય સુધી સ્વસ્થ રહે છે.

સકરાના ઈનોવેટીવ ખેડૂત સન્માન વિજેતા દિનેશ કુમારે જણાવ્યું, મકાઈ, શેરડી, કેળા, શાકભાજી, કેરી-લીચી સહીત તમામ પાકમાં આ પ્રયોગ સફળ થયો છે. આત્મા હિતકારિણી સમૂહના ૯૦ હજાર ખેડૂત આ પ્રયોગ કરી રહ્યા છે. ત્યાર પછી મુજફ્ફરપુર, વૈશાલી સાથે સાથે દિલ્હીની ધરતી ઉપર તેને કરવામાં આવ્યો.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદે માર્ચ ૨૦૧૭ માં ઈનોવેટીવ ખેડૂત સન્માનથી એમને સન્માનિત કર્યા. મુજફ્ફરપુરના ખેડૂત ભૂષણ સન્માન મેળવનાર સતીશ કુમાર ત્રિવેદી કહે છે, કે જે ખેતરોમાં કાર્બનિક તત્વ રહેલા હોય છે, તેમાં આ પ્રયોગથી પાકનું ઉત્પાદન ૩૦ ટકા વધુ થાય છે. આ મિશ્રણમાં મેથીની પેસ્ટ કે લીમડાનું તેલ ભેળવીને છંટકાવ કરવાથી પાક ઉપર ફૂગ નહી લાગે. આ પ્રયોગથી નાઈટ્રોજનની પૂર્તતા, દુશ્મન

જીવાતથી પાકનું રક્ષણ અને મિત્ર જીવાતનું રક્ષણ એક સાથે થાય છે.

આવી રીતે તૈયાર થાય છે દહીંનું મિશ્રણ :

દેશી ગાયના બે લીટર દૂધને માટીના વાસણમાં ભરી દહીં તૈયાર કરો. તૈયાર દહીંમાં પિત્તળ કે તાંબાની ચમચી, કડછી કે વાટકી ડુબાડીને મૂકી દો. તેને ઢાંકીને આઠ થી ૧૦ દિવસ સુધી મૂકી દો. તેમાં લીલા રંગના તાર નીકળશે. પછી વાસણને બહાર કાઢીને સારી રીતે ધોઈ લો. એ વાસણ ધોતી વખતે નીકળેલા પાણીને દહીંમાં મેળવી મિશ્રણ તૈયાર કરી લો. બે કિલો દહીંમાં ત્રણ લીટર પાણી ભેળવીને પાંચ કિલો મિશ્રણ બનશે.

તે દરમિયાન તેમાં માખણ તરીકે કીટ નિયંત્રક પદાર્થ નીકળશે. તેને બહાર કાઢીને તેમાં વર્મી કમ્પોસ્ટ ભેળવીને ઝાડ છોડના મૂળમાં નાખી દો. ધ્યાન રાખશો તેના સંપર્કમાં કોઈ બાળક ન જાય. તેના પ્રયોગથી ઝાડ છોડ સાથે જોડાયેલા જંતુઓ અને જીવાત દુર થઈ જશે. છોડ નીરોગી બનશે.

આ મિશ્રણનો ઉપયોગ કેરી અને લીચીમાં ફૂલ આવતા પહેલા લગભગ ૧૫ થી ૨૦ દિવસ પહેલા કરો. એક લીટર પાણીમાં ૩૦ મી.લી. દહીંનું મિશ્રણ નાખીને હલાવીને તૈયાર કરી લો. તેનાથી પાંદડાને પલાળી દો. ૧૫ દિવસ પછી ફરી વખત પ્રયોગ કરવાનો છે.

તેનાથી લીચી અને કેરીના ઝાડોને ફોસ્ફરસ અને નાઈટ્રોજનનું યોગ્ય પ્રમાણ મળે છે. ફૂલને ઝડપથી બહાર નીકળવામાં મદદ મળે છે. તમામ ફળ સરખા આકારના થાય છે. ફળોનું ખરવું પણ આ પ્રયોગથી ઓછું થઈ જાય છે. રાસાયણિક ખાતર અને જંતુનાશકથી થતા નુકશાન પ્રત્યે ખેડૂત જાગૃત થઈ રહ્યા છે. જૈવિક ટેકનીકને કારણે ઉત્તર બિહારના લગભગ ૯૦ હજાર ખેડૂતોએ યુરીયાનો બહિષ્કાર કર્યો છે. તેના બદલે દહીંનો ઉપયોગ કરી ખેડૂતોએ અનાજ, ફળ, શાકભાજીના ઉત્પાદનમાં ૨૫ થી ૩૦ ટકા વધારો પણ કર્યો છે.

૨૫ કિલો યુરીયાની સરખામણી ૨ કિલો દહીં જ કરી રહ્યું છે. યુરીયાની સરખામણીમાં દહીંના મિશ્રણનો છંટકાવ વધુ ફાયદાકારક સાબિત થઈ રહ્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ યુરીયાથી પાકમાં લગભગ ૨૫ દિવસ સુધી અને દહીંના ઉપયોગથી પાકમાં ૪૦ દિવસ સુધી હરિયાળી રહે છે. **(ઈન્ટરનેટ પરથી)**

**ગાવો વિશ્વસ્ય માતર:**

## પ્રભુ જ બધું ગોઠવે છે.

એક માણસનો દિવસ બહુ ખરાબ ગયો. તેણે રાત્રે ઈશ્વર જોડે ફરિયાદ માંડી. માણસે કહ્યું, 'ભગવાન, ગુસ્સે ન થાઓતો એક પ્રશ્ન પૂછું?' ભગવાને કહ્યું, 'પૂછ, જે પૂછવું હોય એ પૂછ.' માણસે કહ્યું, 'ભગવાન, તેં આજે મારો આખો દિવસ એકદમ ખરાબ શું કામ કર્યો?' ભગવાન હસ્યા. પૂછ્યું, 'પણ શું થયું?' માણસે કહ્યું, 'સવારે અલાર્મ વાગ્યું નહીં, મને ઊઠવામાં મોડું થયું...' ભગવાને કહ્યું, 'અચ્છા પછી...' માણસે કહ્યું, 'પછી મોડું થતું હતું. એમાં સ્કૂટર બગડી ગયું. માંડ-માંડ રિક્ષા મળી.' ભગવાને કહ્યું, 'અચ્છા પછી...' માણસે કહ્યું, 'ટિફિન લઈ ગયો નહોતો, કેન્ટીન બંધ હતી... એક સૅન્ડવિચ પર દિવસ કાઢ્યો. એ પણ ખરાબ હતી.' ભગવાન માત્ર હસ્યા. માણસે ફરિયાદ આગળ ચલાવી, 'મને કામનો એક મહત્વનો ફોન આવ્યો હતો અને ફોન બંધ થઈ ગયો.' ભગવાને પૂછ્યું, 'અચ્છા પછી...'

માણસે કહ્યું, 'વિચાર કર્યો કે જલદી ઘરે જઈ A.C. ચલાવીને સૂઈ જાઉં, પણ ઘરે પહોંચ્યો તો લાઈટ ગઈ હતી.

ભગવાન, બધી તકલીફ મને જ. આવું કેમ કર્યું તે મારી સાથે?'

ભગવાને કહ્યું, 'જો, મારી વાત શાંતિથી સાંભળ. આજે તારા માથે ઘાત હતી. દેવદૂતને મોકલીને મેં એ અટકાવી. અલાર્મ વાગે જ નહીં એમ કર્યું. સ્કૂટરમાં ઍક્સિડન્ટ થવાનો ભય હતો એટલે સ્કૂટર મેં બગાડ્યું.

કૅન્ટીનના ખાવાથી ફૂડ-પૉઈઝન થઈ જાત. ફોન પર મોટા કામની વાત કરનાર પેલો માણસ તને મોટા ગોટાળામાં ફસાવી દેત. એટલે ફોન બંધ થયો. તારા ઘરે સાંજે શૉર્ટ સર્કિટથી આગ લાગત અને તું ખાટલામાં સૂતો હોત એટલે તને ખબર જ ન પડત. એટલે મેં લાઈટ જ બંધ કરી! હું છુંને, તને બચાવવા જ મેં આ બધું કર્યું.

માણસે કહ્યું, 'ભગવાન, મારી ભૂલ થઈ. મને માફ કરો. આજ પછી ફરિયાદ નહીં કરું.'

ભગવાન બોલ્યા, 'માફી માગવાની જરૂર નથી, પરંતુ વિશ્વાસ રાખ કે હું છું. હું જે કરીશ, જે યોજના બનાવીશ એ તારા સારા માટે જ હશે. જીવનમાં જે કંઈ સારું - ખરાબ થાય એની સાચી અસર લાંબાગાળે સમજાશે. મારા કોઈ કાર્ય પર શંકા ન કર, શ્રદ્ધા રાખ. જીવનનો ભાર તારા માથે લઈને ફરવાને બદલે મારા ખભે મૂકી દે. હું છું ને.' **- પરિત્રાણ**

## અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...

કોઈ રાહ બતાવવાવાળું નહીં. એ ભગવાનના શરણે ગઈ.

એવી કઈ નોકરી હોય જેમાં પૈસા ખૂબ મળે? અને અભણ લખમી એ કરી શકે? એ ભગવાનને પૂછી રહી હતી?

ભગવાનની મૂર્તિ મરક મરક હસતી હતી, પણ જવાબ?

લખમી બહાર આવી. ત્યાં કોઈ ભાગ્યશાળી પ્રસાદ વહેંચી રહ્યા હતા. છાપાના પડીકામાં. એ પ્રસાદ લઈ ઘરે આવી. આવક તો હતી નહીં, ખોલીની એક એક વસ્તુ વેચાઈ રહી હતી જમવા માટે, સ્કૂલની ફીસ પણ ચઢી ગઈ હતી માથે. ચારે તરફ પૈસાની ઉઘરાણી અને નોકરી? હે ભગવાન એમ બબડીને એણે પ્રસાદ બાળકોને આપ્યો પણ પોતાને આજે પ્રસાદ ખાવાની ઈચ્છા ના થઈ.

એકનો એક સવાલ, જવાબ વગરનો, નોકરી???

ને જવાબ ભગવાને જ આપી દીધો. એ પ્રસાદના કાગળમાં એક ભિખારીનો વિચિત્ર ફોટો હતો.

એના નાના દીકરાએ કુતૂહલવશ એ ફોટો જોઈને બોલ્યો ''આ ભિખારી ફૂટપાથ પર મરી ગયો અને એની પાસે લાખો રૂપિયા ભરેલી કોથળી હતી જે એણે ભીખ માંગીને જમા કર્યા હતા.''

રસ્તો જડી ગયો. અભણ લોકો પણ આ નોકરી કરીને લાખો કમાઈ શકે. પણ હાથ લાંબો કરવો પડે બધા પાસે.

બસ આ જ અવઢવમાં હતી લખમી આજે. નામ લક્ષ્મીદેવી ને ભીખ માંગવી? પણ બીજો કોઈ રસ્તો નહોતો અને છેવટે આ રસ્તો પણ ભગવાને જ બતાવ્યો છેને? એમ મન મનાવી લીધું પણ અંતર આત્મા માને નહીં? ભીખ? ભીખ?

છેવટે એણે કાળજા પર પથ્થર રાખ્યો. જો જીવલો હોતે તો એને ક્યાં ચિંતા હતી પણ હવે?

જેવી પ્રભુની ઈચ્છા?

એ એક સિગ્નલ પર ઊભી રહી. ગાડીઓ આવતી, ઊભી રહેતી, જતી રહેતી પણ લખમીથી હાથ લાંબો થતો નહીં. એ લાચારીથી ઊભી રહી.

ત્યાં એક ગાડી આવીને ઊભી રહી. અંદર એક જુવાન બેઠો હતો. એણે કાચ નીચે કરીને બૂમ પાડી ''લખમી મા''.

લખમી ચમકી. એણે જોયું તો એ જુવાન એને ગાડીનો દરવાજો ખોલીને અંદર બોલાવી રહ્યો હતો. લખમીને કંઈ સમજ પડતી નહોતી.

કોણ છે આ જુવાન? ત્યાં જ સિગ્નલ લીલું થયું ને જુવાને લખમીનો હાથ પકડીને ગાડીમાં ખેંચી લીધી ને ગાડી ભગાવી મૂકી. લખમી સ્તબ્ધ થઈ ગઈ. શું બન્યું છે એ સમજવા પહેલાં બધું બની ગયું. એને એટલી ખબર હતી એણે એને મા કહી હતી. અને આ શબ્દમાં બહુ તાકાત છે.

એ કહે મને ના ઓળખ્યો? હું અરવિંદ.

કોણ અરવિંદ? એ વિચાર કરવા લાગી. હવે યાદ આવ્યું.

એ જુવાન બારેક વર્ષ પહેલાં, એસએસસીની પરીક્ષા આપવા એના કાકાને ત્યાં મુંબઈ આવ્યો હતો. એ ખોલી લખમીના પાડોશીની હતી.

કાકા-કાકી તો પોતે જ દુઃખી હતાં ગરીબીથી એટલે એ એને ખાવાનું પણ પૂરું આપતાં નહોતાં.

લખમીને આ ખબર એટલે એણે એને દોઢ મહિનો પોતાને ત્યાં રોજ સાંજે જમાડ્યો હતો. એ આ અરવિંદ. હવે મોટો માણસ થઈ ગયો હતો. એણે ગાડી પોતાના ઘરે ઊભી રાખી. નાનો બંગલો હતો. એની પત્નીને બૂમ પાડી ''દક્ષા જો કોણ આવ્યું છે? આ લખમી મા.''

અંરવિંદ કહે ''તમારે કઈ બોલવાનું નથી, હું બધું સમજી ગયો છું. હું અને દક્ષા બેઉ કામ કરીએ છીએ અને આ વિહાન (એમનો દીકરો)નું ધ્યાન રાખવાવાળું કોઈ નથી. કોઈ અજાણ્યા હાથમાં એને સોંપવા કરતાં ઘરની વ્યક્તિ જોઈશે એને. એટલે તમારે એ જવાબદારી ઉપાડવાની છે, એ પણ ૨૪ કલાક.'' અરવિંદ બોલતો જતો હતો. લખમીનાં મોઢામાંથી એક જ શબ્દ નીકળ્યો ''પગાર?''અરવિંદ બોલ્યો, ''પગાર કેવો ને વાત કેવી? તમે નોકર નથી અને તમારે એ ખોલી ખાલી કરીને અહીંયાં જ રહેવાનું છે. તમારા ત્રણે દીકરાની સ્કૂલબસ અહીંયાં આવે છે એટલે એ વ્યવસ્થા પણ થઈ જશે.''

લખમી સમજવાની કોશિશ કરી રહી હતી. આ ઘટનાક્રમ એના મગજ બહારની વસ્તુ હતી પણ એ એટલું સમજી કે જે આપણે બીજા સાથે કરીએ છીએ એ જ ફરી ફરીને પાછું આવે છે. એ હવે નોકર નથી પણ આ પરિવારની સભ્ય છે. એણે વિહાનને ગળે લગાડી દીધો એટલામાં અરવિંદ અને દક્ષા એના પગે પડ્યાં. એની આંખોમાં ગંગા-જમના વહેવા લાગ્યાં. એ ઉપર જોઈને મનમાં કાંઈક બબડી.

પણ એનાં આંસુ બોલતાં હતાં ''જો જીવલા, મેં ભીખની નોકરી નો કરી.''- **ગિરીશ ભવાનજી મેઘાણી**

## નિયમપાલનને કર્તવ્યનિષ્ઠા

નિયમપાલન સજ્જનોનું કર્મ છે;
કર્તવ્યપાલન સદ્‌ગુણીજનોનું કર્મ છે.

દેશની આઝાદીની લડાઈ-સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લેવા બદલ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્રીને તે વખતે જેલની સજા ભોગવવી પડી હતી.

એ દરમિયાન તેમના પુત્રના અવસાન માટે તેમને સાત દિવસ માટે પેરોલ પર છોડવામાં આવ્યાં.
લાંબી યાત્રા કરી ઘેર આવ્યો તો લગભગ અગ્નિસંસ્કારનો બધો વિધિ પતી ગયો હતો. શાસ્રીજીએ સૌને આશ્વાસન આપી, સૌને રામરામ કહી બીજે જ દિવસે જેલખાનામાં પરત આવી ગયા.

મુખ્ય જેલ અધિકારીએ તરત જ પરત થવાનું કારણ પૂછ્યું તો શાસ્રીજીએ વિનયપૂર્વક કહ્યું; 'જે કામ માટે મને પેરોલ પર રજા આપવામાં આવી તે કામ પૂર્ણ થઈ ગયું છે; તો પછી મારે શા માટે અન્ય કામ માટે રજા પાડવી જોઈએ? જેલ બહાર મારે એક કલાક પણ વગર કારણે રહેવાય નહિ.'

શાસ્રીજીની નિષ્ઠા, નિયમપાલન ને કર્તવ્યપાલન જોઈ જેલરનું શિર ઝૂકી ગયું! નિયમપાલન-કર્તવ્યનિષ્ઠા આનું નામ! સારા નેતા સદ્‌ગુણી હોય છે. નિયમપાલન ને કર્તવ્યનિષ્ઠા વડે જ માનવી મહાન બની શકે છે.

**સૌ. પરિત્રાણ**

## પુસ્તક સ્વીકાર

**''આપણાં આરોગ્ય તીર્થ''**

સંપાદક: પ્રવીણચંદ્ર ઠક્કર
કુલ પાના ૧૨૮, સહયોગ રાશિ રૂા.૭૦/-
પ્રકાશક: જયશ્રીબેન દેવચંદ સાવલિયા
વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ
C/o. બાળ કેળવણી મંદીર,
બગસરા, જિલ્લો અમરેલી
પીન કોડ ૩૬૫૪૪૦
ફોન: (૦૨૭૯૬) ૨૨ ૨૪૭૯
(આરોગ્ય ક્ષેત્રે કામગીરી કરતી ૪૮ જેટલી સંસ્થાઓ વિશેની અત્યંત ઉપયોગી જાણકારી આ પુસ્તકમાં છે.)

**।। સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો।।**

## ''બાપુ''

હતો હાડકાનો માળખો નામે તે ગાંધી
લાવ્યા તે બ્રિટિશ સલ્તનતમાં એ આંધી
નામ, જાત ધર્મ કર્યા ભેગા એણે સાંધી સાંધી
આઝાદી અપાવી પ્રેમથી એણે એક દોર બાંધી. (૧)
બોખું મોઢું ને સદા હસતો ચહેરો
અહિંસાના હથિયારથી ભર્યો તેણે પહેરો.
ગાંધી બન્યો બાપુ, ગામ, નગર, શહેરો
વિદેશી વસ્તુના વપરાશ પર કહ્યું 'ઠહેરો' (૨)
ચાલો તમે ને ચાલીએ અમે, એમ પગલું પડે એક
બાવળનો કરીએ ગુલાબ ને, રેતમાં કરીએ ખેત,
દલિત, દુ:ખિયા સૌનો ભાર ઉપાડીએ સમેત,
યાદ કર આ સંતવાણી, મનડા હવે તો તું ચેત. (૩)

**- શ્રી લલિતભાઈ સેલારકા**

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | હરકિશન ઠક્કર | ઘાટકોપર | રૂા.૫૦૦/- |

**ઓનલાઈન લવાજમ ભરવા માટે**

**લવાજમ ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર**
**બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા: મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

**સત્ સમાગમ**

વિવેક-જળ વડે ધોવાયેલું, સ્વચ્છ થયેલું મન કલ્પવૃક્ષ સમાન છે. વિવેકની આ ધારાનું ઉગમસ્થળ સત્પુરુષોનો સમાગમ છે. સત્ સમાગમનું સેવન ખુલ્લા મનથી ગ્રાહક બનીને થાય. અને એ રીતે પાતાળમાંથી પણ સરવાણી ફૂટે! આવો સત્ સમાગમ, ઈશ્વરની કૃપા અને એના અનુગ્રહના પ્રભાવે થાય છે. આને પાત્ર બનવાનું સૌભાગ્ય ઈશ્વરના ઉપકારનો સતત સ્વીકાર કરવાથી સાંપડે છે. આપણા ઉપર ઈશ્વરના ઉપકારની વર્ષા સતત થતી જ રહે છે એવું જે ક્ષણ અનુભવાય ત્યારે સત્પુરુષનો ભેટો થાય છે. તેઓના સમાગમથી અંદરનું તમસ્-અંતરનો અંધકાર ઉલેચાય છે, પીગળે છે. અજવાળું અજવાળું થઈ જાય છે. - **પ્રદ્યુમ્ન સુરિ**

# નોકરી

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

આજે લખમીની આંતરડી કકડી રહી છે. જીવ કોંચવાઈ રહ્યો છે. આજે એને એક એવું કામ કરવું પડશે જેના માટે એનો અંતર આત્મા તૈયાર નહોતો.

જબરી અવઢવમાં અટવાઈ ગઈ હતી લખમી.

નામ તો એનું લક્ષ્મીદેવી હતું પણ એને ક્યારે કોઈએ લક્ષ્મીદેવી કહી નહોતી, બધા લખમી જ કહેતા. હવે એને પણ એનું મૂળ નામ યાદ નહોતું રહેતું. જીવલો, એનો વર, પણ એને લખમી લખમી કરતો ને ત્રણ દીકરાઓ સાથે સુખી સંસાર જીવતી.

લખમીને ખબર નહોતી કે જીવલો શું કામ કરે છે. એને એટલી ખબર હતી કે એ સવારે ૭ વાગે ઘરેથી નીકળી જતો અને સાંજે ૭ વાગે પાછો આવતો. બેઉનો આપસમાં પ્રેમ બઉ એટલે વિશ્વાસ પણ એટલો જ.

મુંબઈની કોઈ ઝૂંપડપટ્ટીમાં એમની એક નાની પતરાંની હાટડી હતી. એને મુંબઈમાં ''ખોલી'' કહેતા. લખમી અડોશપડોશનાં નાનાં બાળકોને પોતાને ત્યાં બોલાવતી. રમાડતી, કૈંક ને કૈંક શિખવાડતી, કોઈ બાળક ભૂખ્યું હોય તો જમાડતી. પૈસા પૂરા થાય એટલે જીવલાને કહી દતી ને જીવલો એને સગવડે લાવી આપતો.

લખમી પૈસા બચાવવાને બદલે બીજાં બાળકો પાછળ ખર્ચતી એ જીવલાને ગમતું નહિ. એ ઘણી વાર ટોકતો પણ લખમીનો જીવ રહે નહિ. એમને પોતાના એક પછી એમ ત્રણ દીકરા થયા.

હવે હાથ તંગ રહેવા લાગ્યો. લખમીને ચિંતા થતી પણ જીવલો વાત હસીને ઉડાવી દેતો. એ કહેતો ''હું ગમે ત્યાંથી પૈસા લાવું, વાલિયા લૂંટારાની જેમ તમને ભાગીદાર નહીં બનાવું.''

બેઉ હસતા ને સુખથી દિવસો પસાર થતા.

પણ નસીબથી આ સુખ જીરવાયું નહીં.

એક દિવસ હવાલદાર એની ખોલી પર આવ્યો ને જાણ કરી કે જીવલો ટ્રેનમાંથી પડી સંસાર છોડી ચૂક્યો હતો.

હવે શું ?

લખમી નિરાધાર થઈ ગઈ. ત્રણ સ્કૂલમાં ભણતાં બાળકો સાથે જીવનનો બોજો (ખર્ચો) કેમ ઉઠાવશે ? દીકરાઓની ઉંમર ૧૩, ૧૨, ૧૦ વર્ષ. એમના ભણતરનો ખર્ચો ?

દીકરાઓ સમજદાર હતા. ત્રણેએ ભણવાનું છોડીને કમાવાની તૈયારી બતાવી.

લખમી મક્કમ હતી. આ ઉંમરનાં બાળકોને કોઈ નોકરીએ રાખે નહીં ને એ સિવાય જે કામ આ બાળકો કરી શકે એમાં એમની જિંદગી બગડી જાય. લખમીએ નક્કી કર્યું કે આજથી હું આ ત્રણેની મા પણ ને બાપ પણ.

લખમીએ નક્કી કર્યું કે પોતે નોકરી કરશે અને બાળકોને ભણાવશે. પણ પહાડ જેવો સવાલ એ કે લખમી કઈ નોકરી કરી શકે ને એને નોકરીએ રાખે કોણ ? જીવલો ક્યાં કામ કરતો એ ખબર નહીં. એના મૃત્યુ પછી કોઈ મળવા કે કોઈ ખબર કાંઈ ના આવ્યું ?

ઘરકામ કરે, પણ ત્રણ-ચાર ઘરના કામ કરીને જે પગાર મળે તેમાં દાળ-રોટલી નીકળે, પણ ભણતરના ખર્ચ ? એ પણ ત્રણ ત્રણનાં ?

**- અનુસંધાન પાના નં.૧૪ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**To,**